કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૪ એપ્રિલ, ૨૦૨૫ ગુરૂવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૮૧◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ ચૈત્ર વદ-૧૧◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# હિબકે ચડયું ગુજરાત : સીએમની સંવેદના

## પહેલગામના મૃતકોની સુરત-ભાવનગરમાં નીકળી અંતીમયાત્રા : ભાવનગરમાં સીએમ તો સુરતમાં સી આર પાટીલ અને હર્ષ સંઘવી અંતીમ યાત્રામાં જોડાયા : સદગતને પાઠવી અંજલી, પરીવારજનોને આપી સાંત્વના







ભાવનગર: જમ્મુ કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ભાવનગરના યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત યતીશભાઈ પરમારનું દુઃખદ અવસાન થયું છે. આ ઘટનાના પગલે સમગ્ર ભાવનગરમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મૃતકોના નિવાસસ્થાન નંદનવન સોસાયટી, કાળિયાબીડ ખાતે પહોંચીને પરિવારજનોને સાંત્વના પાઠવી હતી અને દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. યતીશભાઈ અને સ્મિતના મૃતદેહોને શ્રીનગરથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ સુધી ઈન્ડિગોની ફ્લાઈટ દ્વારા લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ, અમદાવાદથી રોડ માર્ગે મૃતદેહોને ભાવનગર લાવવામાં આવ્યા હતા. મોડી રાત્રે મૃતદેહો ભાવનગર પહોંચતા, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શોકગ્રસ્ત પરિવારજનોને મળીને તેમની સંવેદના વ્યક્ત કરી

અનુસંધાન પાના નં.૪ પર

# આતંકનો ખાત્મો બોલાવીને જ રહીશું : મોદીનો હુંકાર





### મોદીએ પહેલગામના સદગતોને અંજલી અર્પયા બાદ બિહારના મધુબનીમાં જનસભાને કર્યુ સંબોધન

નવી દીલ્હી : કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા કાયરતાપૂર્ણ કાર્ય કર્યુ છે તેનું ભારત સરકાર દ્વારા પણ વળતો જવાબ આપી દીધો છે અને તે બાદ આજ રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓ સાથે બિહારના મધુબનીમાં જનસભાને સંબોધી અને પહેલગામના સદગતોને સૌ પ્રથમ શ્રદ્ધાંજલી આપી હતી. મોદીજીએ કહ્યુ કે જે દેશવાસીઓને આપણે ખોયા છે તેમને હુ નતમસ્ત અંજલી અર્પણ કરૂં છું.

આ તબક્કે મોદીજીએ કહ્યુ હતુ કે, ૨૨મી એપ્રીલના રોજ જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકીઓએ માસુમ પ્રવાસીઓને જેવી બેરહેમીથી માર્યા છે તેનાથી પુરો દેશ વ્યથિત છે, કોટી કોટી દેશવાસીઓ દુખી છે. તમામ પીડીત પરીવારોનાઆ દુખમાં આખો દેશ તેમની સાથે ખડેપગે છે. જેમની સારવાર ચાલે છે તેઓ ઝડપથી સ્વસ્થ થાય તે માટે સરકાર હર પ્રયાસ કરી રહી છે. મોદીજીએ કહ્યુ કે, આ આતંકી હુમલામાં કોઈએ પોતાનો પુત્ર ગુમાવ્યો, તો કોઈએ ભાઈ ગુમાવ્યો, તો કોઈએ પોતાનો જીવનસાથી ગુમાવ્યો છે. તેમાથી કોઈ બાંગ્લા બોલતો હતો, કોઈ કેન્નડા, કોઈ મરાઠી, કોઈ ઓડીયા હતો, કોઈ ગુજરાતી હતો, કોઈ બિહારનો લાલ હતો. આજે આ તમામની મૃત્યુ પર કારગીલથી કન્યાકુમારી સુધી આપણુ દુખ એક સરખું છે. આપણો આક્રોશ એકસરખો છે. આ હુમલો દેશના દુશ્મનોએ ભારતની આસ્થા પર હુમલા કરવાનો દુસાહસક કર્યો છે. હું સ્પષ્ટ શબ્દોમાં કહેવા માંગું છે કે, જેઓએ પણ આ હુમલો કર્યો છે, તે આતંકીઓને અને આ હુમલાના ષડયંત્રના સાજીસકારોને તેમની કલ્પનાથી પણ મોટી સજા મળશે. સજા મળીને જ રહેશે. હવે આતંકીઓની બચી ખુચી જમીનને પણ મીટ્ટીમાં મળાવવાનો સમય આવી ગયો છે. ૧૪૦ કરોડ ભારતીયોની ઈચ્છાશકિત હવે આતંકના આક્કાઓની કમર તોડીને જ રહેશે. હું આખાય વિશ્વને કહેવા માંગુ છે કે, ભારત તમામ પ્રકારના આતંકને ઓળખી તેમનો ખાત્મો બોલાવશે. આતંકને કડક સજા આપવા તમામ પ્રયાસો કરવામા આવશે.

### પહેલગામના મૃતકોને પીએમ મોદીએ આપી શ્રદ્ધાંજલી : ઉદબોધન પહેલા બે મિનિટ પાડયું મૌન

આ તબક્કે મોદીજીએ કહ્યું કે, આજ પંચાયતી રાજ દીવસના મોક્કા પર પુરા દેશ બિહારથી જોડાયેલ છે. આજ અહી દેશ બિહારના, વીકાસથી જોડાયેલા હજારો કરોડો રૂપીયાના પ્રોજેક્ટ શિલાન્યસ થવા પામી રહ્ય છે. વિજળી, રેલ સહિતના માળખાગત કામોથી બિહારમાં રોજગારની નવી તકોનું સર્જન થશે.

અનુસંધાન પાના નં.૪ પર



જમ્મુ કાશ્મીર ના પહેલગામ માં આતંકી હુમલામાં ૨૬ પ્રવાસીઓના મૃત્યુ થયા હતાં.આજે દિલ્હીમાં કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં કોંગ્રેસની સીડબલયુસીની બેઠક મળી હતી જેમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા મૃતકોને મૌન પાળીને અંજલી આપવામાં આવી હતી.

# પહેલગામ હુમલામાં મૃત્યુ પામેલ મૃતકના પરિવારને ગુજરાત સરકારે સહાયની કરી જાહેરાત

### મૃત્યુ પામેલ મૃતકના પરિવારને રૂ ૫ લાખની સહાય મુખ્યમંત્રીએ જાહેર કરી : ગુજરાતના ઇજાગ્રસ્ત પરિવારને રૂ ૫૦ હજારની સહાય જાહેર

(એજન્સી દ્વારા)

ગાંધીનગર: જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આંતકવાદીઓએ પ્રવાસીઓ ઉપર કરેલા આંતકી હુમલામાં ગુજરાતના ત્રણ પ્રવાસીઓના મૃત્યુ નીપજ્યા હતા. આંતકી હુમલામાં મૃત્યુ પામેલ મૃતકના પરિવારને ગુજરાત સરકારે રૂ ૫ લાખની સહાય આપવાની જાહેરાત કરી છે. પહેલ ગામમાં આંતકવાદીઓએ પ્રવાસીઓ પર કરેલા આંતકી હુમલામાં ગુજરાતના ભાવનગરના બે પિતા પુત્ર અને સુરતના એક યુવકનું મૃત્યુ નીપજ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા 'X' પર પોસ્ટ કરીને આતંકી હુમલામાં મૃત્યુ પામેલ ગુજરાતના પ્રવાસી મૃતકના પરિવારને રૂ ૫ લાખની સહાય રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જાહેર કરી છે. જ્યારે રાજ્ય ના ઈજાગ્રસ્તના પરિવારને રૂ ૫૦ હજારની સહાય જાહેર કરી છે.

# ભારતની પાકીસ્તાન પર ડિજિટલ સ્ટ્રાઈક

### પાકીસ્તાન સાથેના સરકારી એકસ હેન્ડલ ભારત સરકારે કર્યા બ્લોક

નવી દીલ્હી : પહેલગામ આતંકવાદી હુમલા પછી, હવે ભારત સરકારના માહિતી ટેકનોલોજી મંત્રાલયે ઈલોન મસ્કના એક્સ પ્લેટફોર્મને ભારતમાં પાકિસ્તાની સરકારનું એક્સ એકાઉન્ટ બંધ કરવા કહ્યું છે. ભારત સરકારની આ વિનંતી પર કાર્યવાહી કરીને, એક્સ એ ભારતમાં એકાઉન્ટ બંધ કરી દીધું છે. આનો સીધો અર્થ એ થયો કે પાકિસ્તાની સરકારનું એક્સ એકાઉન્ટ હવે ભારતમાં દેખાશે નહીં.

એક્સ પ્લેટફોર્મ એક લોકપ્રિય પ્લેટફોર્મ છે જ્યાં વિશ્વભરના નેતાઓ અને સરકારો પાસે વેરિફાઈડ એકાઉન્ટ્સ છે. આ એકાઉન્ટ્સ દ્વારા તે પોતાના દેશ વિશે નિર્ણયો અને અન્ય માહિતી આપે છે.

મંગળવારે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં બૈસરન ખીણમાં આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલામાં ઘણા પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા. આ હુમલા પછી, ભારત સરકારે ઘણા મોટા નિર્ણયો લીધા છે.

કોઈપણ દેશ માટે જો તેનું સત્તાવાર એકાઉન્ટ બ્લોક કરવામાં આવે તો તે ખૂબ જ શરમજનક બાબત છે. જોકે, આ સમયે, ભારત દ્વારા પાકિસ્તાનને ઘેરવા માટે ઘણા સ્તરે નિર્ણયો લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે યોજાયેલી સીસીએસ બેઠકમાં પાંચ મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

# આતંકવાદીઓનુ મૂળ ષડયંત્ર વડાપ્રધાન મોદીની કટરા મુલાકાતને ટાર્ગેટ કરવાનું હતું?

### મોદીનો ૧૯મી એપ્રિલનો પ્રવાસ છેલ્લી ઘડીએ રદ થયો હતો

શ્રીનગર : પાકિસ્તાનથી બે આતંકવાદીઓ ઘણા સમય પહેલાં જ ભારતમાં ઘૂસણખોરી કરીને આવી ગયા હતા અને એવું જાણવા મળે છે કે સ્થાનિક આતંકવાદીઓ સાથે મળીને તેમનો મૂળ પ્લાન કટરામાં ૧૯ એપ્રિલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત વખતે હુમલો કરવાનો હતો.

વડા પ્રધાનની જમ્મુની એ મુલાકાત સલામતી અને ખરાબ વેધરને કારણે પડતી મૂકવામાં આવી હતી. આ આતંકવાદીઓ ઈન્ટેલિજન્સ ઓફિસરોની ટીમ પર હુમલો કરવા આવ્યા હતા.

એવા જે અહેવાલ આવ્યા હતા એને સુરક્ષા દળોએ રદિયો આપ્યો હતો. પહેલગામમાં ઈન્ટેલિજન્સ બ્યુરોના જે ઓફિસરનું મૃત્યુ થયું છે તે પરિવાર સાથે વેકેશન મનાવવા આવ્યો હતો.

# પ્રવાસીઓથી ગુંજતુ કાશ્મીર ૨૪ કલાકમાં જ સુમસામ



શ્રીનગર: ધરતી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરનાં પહેલગામમાં ત્રાસવાદીઓએ આચરેલા નરસંહારથી સમગ્ર દેશ હચમચી ગયો છે.મંગળવાર બપોર સુધી કૂદરતી સૌદર્યની મજા માણતા પ્રવાસીઓથી ધમધમતું કાશ્મીર હવે સુમસામ બની ગયુ છે.પ્રવાસીઓને પરત ફરવા માટે ઘસારો છે. ત્રાસવાદી હૂમલાથી ભયભીત પ્રવાસીઓને હેમખેમ પરત મોકલવા માટે વધારાની વિમાની-રેલ સેવા શરૂ કરવામાં આવી છે. આ ઘટનાક્રમથી હવે કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ભાંગી પડવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

ધરતી પરનુ સ્વર્ગ અચાનક નર્કમાં ફેરવાઈ ગયાનો ઘાટ સર્જાયો છે. કુદરતી સૌદર્યથી ભરપુર રાજયનાં તમામ સ્થળો પરથી પર્યટકો સુરક્ષીત સ્થાનોએ પાછા આવી જતા પ્રવાસીઓની કિલકારીથી ગુંજતા સ્થાનો-રસ્તાઓ

અનુસંધાન પાના નં.૪ પર

## તિકડમ !
– દેવેન વ્યાસ




# ૫ નિર્ણયો સિવાય પણ કેન્દ્ર સરકાર કઇંક મોટું કરશે ? : મોદીએ યોજી સર્વપક્ષીય બેઠક

નવી દિલ્હી : પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને સરકારે આજે એટલે કે ગુરુવારે સર્વપક્ષીય બેઠક બોલાવાઈ હતી. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ તેની અધ્યક્ષતા કરી છે. સરકાર વતી ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશમંત્રી એસ જયશંકર સર્વપક્ષીય બેઠકમાં માહિતી આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગૃહમંત્રી અમિત શાહ અને સિંહ આ મુદ્દે વિવિધ પક્ષોના નેતાઓ સાથે વાત કરી હતી.કોંગ્રેસ સહિત ઘણા વિપક્ષી પક્ષોએ માંગ કરી હતી કે, સરકારે આ મુદ્દા પર તમામ પક્ષોની બેઠક બોલાવવી જોઈએ. મહત્વનું છે કે, ગઈકાલે સાંજે સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકમાં પાકિસ્તાન વિરુદ્ધ પાંચ મોટા નિર્ણય કરવામાં આવ્યા હતા. જોકે હવે આજે સર્વપક્ષીય બેઠકના આયોજન વચ્ચે શું કઈક મોટું થશે કે નહીં ? તે તરફ સૌના મીટ મંડાયેલા છે.

# ભારતીય ટીમના હેડકોચ ગૌતમ ગંભીરને જાનથી મારી નાખવાની આઈએસઆઈએસની ધમકી

નવી દિલ્હી : એક તરફ જ્યારે સમગ્ર દેશ પહેલગામ આતંકવાદી હુમલાથી શોકમાં છે, તો બીજી તરફ ભાજપના પૂર્વ સાંસદ અને ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન મુખ્ય કોચ ગૌતમ ગંભીરને ISIS કાશ્મીર તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. તેણે બુધવારે દિલ્હી પોલીસનો સંપર્ક કર્યો અને એફઆઈઆર માટે ઔપચારિક ફરિયાદ નોંધાવી અને તેના પરિવારની સુરક્ષા માટે પગલાંની માંગ કરી. ગૌતમ ગંભીરે કાયર



આતંકવાદીઓ દ્વારા પહેલગામ હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ તેમના માટે ન્યાયની માંગણી કરી હતી. ગંભીરની છબી દેશભક્તની છે.ક્રિકેટના મેદાનથી લઈને પોતાના નિવેદનો સુધી તે ખુલ્લેઆમ પાકિસ્તાનનો વિરોધ કરતા જોવા મળે છે અને દેશભક્તિની વાતો કરે છે. આ જ કારણ છે કે તે પુલવામા આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોના પરિવારજનોની મદદ કરી રહ્યો છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે ભારતનું સ્વર્ગ કહેવાતા જમ્મુ-કાશ્મીરમાં મંગળવારે આતંકવાદીઓએ પ્રવાસીઓ પર હુમલો કર્યો હતો. ધર્મ વિશે પૂછવા પર ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેમાં ૨૬ લોકોના મોત થયા હતા.

# ટ્રમ્પ યુક્રેનના રાષ્ટ્રપતિ પર અકળાયા ઝેલેન્સ્કી પર યુદ્ધ લાંબુ ખેંચવાનો આક્ષેપ

નવી દિલ્હી : અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલાં યુદ્ધનો અંત લાવવા પ્રયાસ કરી રહ્યાં છે. યુદ્ધવિરામના તેમના પ્રયાસોના ધાર્યા પરિણામો નહીં મળવાથી રોષે ભરાયેલાં ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી યુદ્ધ લાંબુ ખેંચી રહ્યાં છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ક્રિમીયાને રશિયાને સોંપી દેવાના શાંતિ પ્રસ્તાવ મુદ્દે પીછેહટ કરી ઝેલેન્સ્કીએ યુદ્ધ લંબાવ્યું છે. લંડનમાં બુધવારે અમેરિકા, યુરોપ અને યુક્રેનના પ્રતિનિધિઓ વચ્ચે યોજાનારી બેઠક અગાઉ ઝેલેન્સ્કીએ યુદ્ધવિરામ માટેના પ્રસ્તાવ હેઠળ રશિયાને કોઈ પ્રદેશ આપવાની શક્યતા ફગાવી દીધી હતી. દરમિયાનમાં રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપવા માટે બુધવારે લંડનમાં યોજાનારી ઉચ્ચસ્તરીય બેઠક છેલ્લી ઘડીએ પડતી

અનુસંધાન પાના નં.૪ પર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

તંત્રી સ્થાનેથી....

ચૈત્ર વદ-૧૧, તા.૨૪ એપ્રિલ, ગુરૂવાર

**હવે પીઓકે કરો કબ્જે**

# શું છે સિંધુ જળ સંધિ? રોક લાગવાથી પાકિસ્તાનને શું અસર થશે?



જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાએ ફરી એક વખત બોર્ડર પારના બદઈરાદા ઉજાગર કર્યા છે.

આ હુમલાની યોજના પાકિસ્તાનમાં તૈયાર થઈ હતી અને હાફિઝ સઈદના નજીકના સાથીદાર સૈફુલ્લાહ કસૂરી દ્વારા પ્લાન કરાયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ આતંકી હુમલામાં ૨૬ લોકોના મૃત્યુ અને ૧૭નાં ઘાયલ થયા છે. હવે ભારત સરકારે કડક પગલા ભરતા સિંધુ જળ સંધિ પર રોક લગાવી છે.

અહી જણાવવાનું થાય કે, પહેલગામ હુમલાનો ભારતે પાકીસ્તાન સામે પાણીદાર પ્રહાર કરી દીધો છે. ૧૯૬૦માં ભારતના વડા પ્રધાન જવાહરલાલ નહેરૂ અને પાકિસ્તાનના પ્રમુખ અયૂબ ખાન વચ્ચે થયેલી સિંધુ જળ સંધિ અંતર્ગત છ નદીઓનું પાણી બંને દેશો વચ્ચે વહેંચાયું હતું.પશ્ચિમી નદીઓ સિંધુ, ચિનાબ અને ઝેહલમ પર પાકિસ્તાનનો અધિકાર છે, જ્યારે પૂર્વી નદીઓ રાવી, બિયાસ અને સતલુજનો ઉપયોગ ભારત કરે છે. ભારતે અત્યારસુધીમાં આ સંધિનું સન્માન જાળવ્યુ છે. પાકિસ્તાન વારંવાર આતંકી પ્રવૃત્તિઓ માટે જવાબદાર રહી ચૂક્યું હોવા છત્તા ભારતે આ સંધિ તોડી નથી. આ સંધિ રદ કરવા માટે બંને દેશોની સંમતિ જરૂરી છે, કારણ કે આ સંધિ એકતરફી રીતે તોડવી શક્ય નથી. જો કે, લોકોની માંગને પગલે ભારતને કડક પગલા ભરતા આ પાણી જેવા સંવેદનશીલ વિષય પર કડક વલણ અપનાવ્યુ છે.

ભારતે સિંધુ નદીનું પાણી રોક્યુ તો પાકિસ્તાનમાં પાણીની ગંભીર કટોકટી ઊભી થઈ શકે છે. આ ગંભીર મુદ્દો હવે માત્ર રાજકીય નહીં પણ રાષ્ટ્રની સુરક્ષા સાથે જોડાયેલો છે.જણાવી દઈએ કે, વિશ્વ બેંકની લાંબી મધ્યસ્થી બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સમજૂતીનો અમલ પહેલા ૧ એપ્રિલ ૧૯૪૮ના રોજ ભારતે બે મોટી નહેરોનો પાણી પુરવઠો બંધ કરી દીધો હતો, જેના કારણે પાકિસ્તાની પંજાબની ૧૭ લાખ એકર જમીન તરસી રહી ગઈ હતી.

આવ સંજોગોમાં જો ભારત આજે આ નદીઓનું પાણી અટકાવે તો પાકિસ્તાનમાં અરાજકતા સર્જાશે તે નક્કી છે. જો કે, પાકિસ્તાનને ભારતના આ નિર્ણય સામે વર્લ્ડ બેંકમાં અપીલ કરવાનો અધિકાર રહેશે. જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાને કારણે કાશ્મીરમાં ફરી એક વખત સ્થિતી બગડી છે. અહીં પ્રવાસીઓ આવતા જતા સ્થાનિક પ્રવાસન ઉદ્યોગને મોટી અસર થઈ શકે છે.

## જિલ્લા કલેકટરની લાલઆંખ : પ્રોહિબિશન ગુનાઓના સાત આરોપીઓ વિરૂદ્ધ પાસાની વોરંટ ઈસ્યુ

ભુજ : કચ્છ જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર આનંદ પટેલે ગેરકાયદેસર વિદેશી દારૂના ધંધાર્થીઓ સામે લાલ આંખ કરી છે. જિલ્લા કલેકટરશ્રીએ છેલ્લા ૧૯ દિવસમાં પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલ કુલ સાત આરોપીઓ વિરૂદ્ધ પાસાના કાયદા તળે ધરપકડ માટેના વોરંટ ઈસ્યુ કર્યા છે. જિલ્લા સમાહર્તાની કડક કાર્યવાહીથી અસામાજિક તત્ત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબતના અધિનિયમ ૧૯૯૫ તળે આરોપીઓ વિરૂદ્ધ રજુ થયેલા દરખાસ્ત મુજબ જિલ્લામાં ગેરકાનૂની રીતે વિદેશી દારૂ ચોરી છુપીથી મોટા પ્રમાણમાં લાવી ગેરકાયદેસર રીતે દારૂનું આરોપીઓ દ્વારા વેચાણ થતું હોઈ પોલીસ દ્વારા અંદાજે રૂા. ૧.૪૫ કરોડનો વિદેશી દારૂ કબ્જે કરાયો હતો. કુલ ૨૭ હજાર લીટર દારૂનો જથ્થો પોલીસે જપ્ત કર્યો હતો. છેલ્લા ૧૯ દિવસમાં કુલ સાત આરોપીઓ સામે જિલ્લા કલેકટર દ્વારા પાસાના કાયદા તળે વોરંટ ઈસ્યુ કરી આરોપીઓને જેલ હવાલે કરવા અટકાયતનો હુકમ કરવામાં આવ્યો છે.

આરોપીઓની આવી અસામાજિક પ્રવૃતિઓના કારણે ગરીબ, મધ્યમવર્ગના લોકો તથા નાની ઉંમરના યુવાનો પર તેની માઠી અસર પડી શકે છે. તેથી આવી પ્રવૃતિથી જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને પ્રતિકુળ અસર થાય તેમ છે.

આવી અસામાજિક પ્રવૃતિઓ સામાન્ય કાયદાથી તાત્કાલિક અટકાવી શકાય તેમ ન હોવાથી પાસાના કાયદા તળે હુકમો કરી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેર વ્યવસ્થા જાળવી રાખવાના હિતમાં અસરકારક કામગીરી કરવામાં આવી છે.

## ભચાઉ અને જુના કટારિયામાં જુગારીઓ પકડાયા



ભુજ : ભચાઉમાં પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે છાડવારા ગામે જુગાર રમતા ખેલીઓ પકડાયા હતા. જેમાં વસંતભાઈ ભવાનભાઈ ચૌધરી, રાજુભાઈ મોતીભાઈ કોલી, બાબુભાઈ ટપુભાઈ કોલી, રમેશભાઈ પૂંજાભાઈ કોલી અને ધીંગાભાઈ રાઘુભાઈ કોલીનો સમાવેશ થાય છે. રોકડા રૂા.૧૨,૩૦૦ તથા બે મોબાઈલ કબજે કરી ગુનો દાખલ કરાયો હતો, જ્યારે જુના કટારિયામાં જુગાર રમતા સામાભાઈ ભચુભાઈ કોલી, દેશાભાઈ વસરામભાઈ પરમાર, નુરશા લતીફશા દાદા પકડાયા હતા. રોકડા રૂા.૧૪૦૦ કબજે કરી લાકડિયા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

# રાષ્ટ્રીય હિતાર્થે કચ્છઉદયનો તંત્રીલેખ વધુ એકવાર સચોટ ઠર્યો

**દેશ પ્રથમ, રાષ્ટ્રીય હિત સર્વોપરી..કચ્છઉદય માટે હતુ, છે અને સદાય રહેશે.!**



તંત્રી સ્થાનેથી....

ગુજરાત સહિતના સદગતોને શ્રદ્ધાંજલિ

સરકાર હવે તો ૫૬ની છાતી દેખાડે..!

ભારતનો પાડોશી નાપાક મુલકમાંથી માનવતાવિરોધી ત્વો એટલે કે આતંકવાદીઓએ કાશ્મીરમાં ફરીથી પોત કાશી દીધુ છે. મોદી સરકારને સીધે સીધો જ લલકાર આપી દીધો હોય તેમ કાશ્મીરમાં પ્રવાસીઓને તેમના નામ-ર્મ પુછી અને અતિ ક્રુરતા પુર્વક રહેંસી જ નાખી આતંકી કૃ



નાપાક મુલકને તેની જ ભાષામાં તો જવાબ અપાશે જ પણ તેની સાથોસાથ સિંધુ જળ સંધી રદ કરો- વાઘા-અટારી સરહદને પણ બંધ કરી દયો, એલઓસી યુદ્ધવિરામનો પણ લાવી દયો અંત : તો જ આ નાલાયક મુકલના માનવતા વિરોધી કૃત્ય આચરનારા આતંકીઓના આકાને આશરો આપનારાઓને મળશે શબક

પહેલગામ આતંકવાદી હુમલા પ્રકરણમાં કાપાયમાન મોદી સરકારે વળતા આક્રમણ પગલા લીધા છે, જે મોટા પાંચ પગલા લીધા છે, તેમાં ગત રોજ કચ્છઉદયના અગ્રલેખમાં આગોતરી રીતે જ સરકારને દીશા નિર્દેશ આપતા **સિંધુ જળ સંધી રદ કરો, વાઘા-અટારી બોર્ડર પોસ્ટ બંધ કરો**ની કરેલી ટકોરનો પણ સમાવેશ કરી દેવામા આવ્યો છે. એટલે રાષ્ટ્રીય હીતાર્થે કચ્છઉદયનો તંત્રીલેખ વધુ એક વખત સચોટ ઠર્યો હોવાનો સંતોષ દર્શાય છે. આ અખબાર માટે રાષ્ટ્રીય હિત સદાય સર્વોપરી હતુ, છે અને રહેશે તેની વધુ એક વખત આ તબક્કે કટિબદ્ધતા દર્શાવીએ છીએ.

# ગેરકાયદે નાણાંની હેરફેર માટે બેન્ક ખાતા ખોલાવવા ફરી એકવાર ભુજનો ઉપયોગ કરાયો

**અઢી મહિના પહેલા રાજસ્થાનના શખ્સોએ ભુજમાં ૫૫ ખાતા ખોલાવ્યા હતા, હવે સુરતના શખ્સો ભુજમાં ૧૧ બેન્ક ખાતા ખોલાવે તે પહેલાં એલસીબીના હાથે પકડાઈ ગયા : ક્રિકેટ સટ્ટો અથવા ઓનલાઈન ઠગાઈના બનાવોમાં નાણાંની હેરફેર માટે આ ખાતાનો થવાનો હતો ઉપયોગ**



### મુખ્ય આરોપીના બેન્ક ખાતામાં ૩૩ લાખની લેવડ દેવડ થઈ

આ પ્રકરણમાં મુખ્ય આરોપી દિગ્વિજયના ૧૦ એક્ટિવ ખાતા છે. જેમાં અત્યાર સુધી ૩૩ લાખ રૂપિયાની લેવડ દેવડ થઈ હોવાનું સામે આવ્યું છે. આ ખાતા કોટક મહિન્દ્રા બેન્ક, ફેડરલ બેન્ક, આઈડીએફસી બેન્ક, બેન્ક ઓફ બરોડા, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન ઓવર્સિઝ બેન્ક અને સર્વોદય કોમર્શીયલ બેન્ક મહેસાણામાં ખુલેલા છે.

ભુજ : હાલમાં સાયબર ક્રાઈમના બનાવોમાં ઉછાળો આવ્યો છે. તેમાં ખાસ કરીને નાણાં ઓનલાઈન કપાઈ બેન્ક ખાતામાં જમા થાય છે. પોલીસમાં ફરિયાદ કરવામાં આવે તો બેન્ક ખાતાની તપાસ થાય છે પરંતુ આ ખાતા બોગસ દસ્તાવેજોના આધારે ખોલવામાં આવ્યા હોવાથી આગળ તપાસ ધપતી નથી. આ માટે સમગ્ર દેશમાં આયોજન બદ્ધ રીતે ગુના આચરવામાં આવે છે. બોગસ દસ્તાવેજોના આધારે ટોળકી જે-તે શહેરમાં જઈ ખાતા ખોલાવી આવે છે. જે માટે તેમને કમિશન મળે છે. ભુજમાં આ પ્રમાણે સુરતના શખ્સો ખાતા ખોલાવવા આવ્યા અને પકડાઈ ગયા છે.

ભુજ એલસીબીને બાતમી મળી હતી કે, ઈજનેરી કોલેજની સામે હિરાણી પાર્ક-૨ મા સુરતના કેટલાક શખ્સોએ દુકાન ભાડે રાખી છે અને તેનો ભાડા કરાર બનાવી તેના આધરે બોગસ દસ્તાવેજો ઊભા કરી ગેરકાયદે નાણાંની હેરફેર માટે બેન્ક ખાતા ખોલાવ્યા છે. જેથી દરોડો પાડી મૂળ બોટાદના હાલે સુરતમાં રહેતા દીપક હરજીભાઈ મારૂની ધરપકડ કરાઈ હતી. આ ઓફિસમાંથી અલગ અલગ આધારકાર્ડ, બેન્કની પાસબૂક, ચેકબૂક, એટીએમ, જીએસટી સર્ટીફિકેટ, ઉદ્યમ સર્ટિફિકેટ મળી આવ્યા હતા. પુછપરછ કરતા તેણે કબૂલાત આપી કે, તે અને સુરતના દિગ્વિજય સુરેશભાઈ ગીડા અને જયદીપ દેવરાજભાઈ મારૂ દોઢ મહિના પહેલા ભુજ આવ્યા હતા દિગ્વિજયે દીપકના આધારકાર્ડના આધારે આ દુકાનનું ભાડા કરાર કરાવ્યું હતું અને આ ભાડા કરારની વિગત પરથી દિગ્વિજયે સુરતમાં આજ દુકાનનું બોગસ ભાડા કરાર જયદીપના નામે કરાવ્યું હતું. તેમજ ખોટા સરનામાનો ઉપયોગ કરી આધારકાર્ડ, ઉદ્યમ સર્ટિફિકેટ બનાવી જીએસટી રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. દીપક અને જયદીપના નામે બોગસ પેઢીઓ ખોલી શિવશક્તિ અને સોનબાઈ એન્ટરપ્રાઈઝ નામે રજિસ્ટ્રેશન કરાવાયું હતું. આ ઉપરાંત ભાનુશાલી નગરમાં એક દુકાન ભાડે રાખી ત્યાં રૂદ્રાક્ષ એન્ટરપ્રાઈઝ ખોલવામાં આવી હતી તેનો ભાડા કરાર અમીત મહાદેવભાઈ ચૌધરીના નામે છે. આ દુકાનમાંથી પણ બોગસ દસ્તાવેજો મળી આવ્યા હતા. પોલીસે દીપક અને અમીતની ધરપકડ કરી પુછપરછ કરતા કબૂલાત આપી કે, દિગ્વિજયે આ પ્રમાણે ભુજમાં રહી બોગસ દસ્તાવેજો ઊભા કરી અલગ અલગ બેન્કોમાં કરંટ ખાતા ખોલાવવા માટે કહ્યું હતું. આ ખાતા ખોલી તેની વિગતો દિગ્વિજય આગળ આપવાનો હતો. ખાતા ખોલવા પેટે ૨૦ હજાર કમિશન મળવાનું હોવાની હકીકત જણાવાઈ હતી. મહત્ત્વની બાબત એ છે કે, બોગસ ભાડા કરાર ઊભા કરી તેના આધારે બોગસ આધારકાર્ડ, બોગસ ઉદ્યમ સર્ટિફિકેટ તેમજ અન્ય દસ્તાવેજો ઊભા કરવામાં આવયા હતા. બન્ને ઓફિસોમાંથી કુલ પાંચ આધારકાર્ડ, બે પાનકાર્ડ, ત્રણ પાસબૂક, ૧૧ ચેકબૂક, ત્રણ એટીએમ કાર્ડ, ત્રણ ભાડા કરાર, ત્રણ ઉદ્યમ સર્ટિફિકેટ, ત્રણ જીએસટી સર્ટિફિકેટ, ત્રણ આઈઈસી સર્ટિફિકેટ, ત્રણ સિક્કા, ત્રણ મોબાઈલ કબજે કરવામાં આવ્યા હતા. આ ગુનામાં ફરાર રહેલા દિગ્વિજય અને જયદીપની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આરોપીઓ સામે ભુજ એ-ડિવિઝન પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

નવાઈની બાબત એ છે કે, ફેબ્રુઆરી મહિનાના પ્રારંભે આજ પ્રમાણે ભુજ એલસીબીએ રાજસ્થાનના બે યુવકોને ઝડપી પાડ્યા હતા. તેઓ દોઢ મહિનામાં બોગસ દસ્તાવેજના આધારે ભુજની ૧૭ બેન્કોમાં ૫૫ બેન્ક ખાતા ખોલાવ્યા હતા. જે પૈકી ચાર ખાતામાં ૧.૩૫ કરોડના ટ્રાન્જેકશન થયા હતા. જે પૈકી ૧.૨૩ કરોડ રૂપિયા ઉપાડી લઈ આંગણિયા મારફતે રાજસ્થાન મોકલી દીધા હતા. સુરતના આરોપીઓ પણ આજ પ્રમાણે ભુજમાં બેન્ક ખાતા ખોલાવી તેમાં ગેરકાયદે નાણાની હેરફેર કરવાની ફિરાકમાં હતા. તેઓએ ૧૧ બેન્ક ખાતા ખોલાવવા માટે અરજી કરી હતી. જેમાં એક બેન્ક ખાતુ ખુલી ગયું છે. જ્યારે બાકીના ખોલવાના બાકી છે. નાણાની હેરફેર થાય તે પહેલાં પકડાઈ ગયા હતા. ખરેખર બેન્કો દ્વારા બોગસ દસ્તાવેજોના આધારે બેન્ક ખાતા ખોલવામાં આવતા હોય તો તે ગંભીર બાબત છે. બેન્કના જવાબદારો સામે પણ કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી બની રહે છે.

આ કામગીરીમાં એલસીબીના પીઆઈ એસ.એન.ચૂડાસમા, પીએસઆઈ એચ.આર.જેઠી, વાય.કે. પરમાર, એએસઆઈ કૃષ્ણદેવસિંહ ગોહિલ, સંજયદાન ગઢવી, હેડ કોન્સ્ટેબલ સૂરેન્દ્રસિંહ ઝાલા, રણજીતસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ જયદેવસિંહ જાડેજા, કલ્પેશભાઈ ચૌધરી, મહેન્દ્રસિંહ જાડેજા, અશ્વિનભાઈ ગઢવી જોડાયા હતા.

## એપ્રિલ મહિનાના છેલ્લા અઠવાડિયામાં આકરી ગરમીની આગાહી

ભુજ : હવામાન વિભાગે એપ્રિલ મહિનાના છેલ્લા અઠવાડિયામાં આકરી ગરમીની આગાહી કરી છે. હાલે કચ્છમાં તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યું છે. ત્રણ - ચાર દિવસ બાદ તેમાં વધારો થવાની સંભાવના છે. આજે પણ ભુજનો તાપમાનનો પારો ૪૨ ડિગ્રીની પાર થવાની શકયતા છે. છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો આકરા મિજાજે લોકોની મુશ્કેલી વધારી દિધી છે. ત્યારે આજે સવારથી જ લોકોએ સૂર્યદેવના તાપથી અકળાયા હતા. બપોરના સમયે ગરમીના ઘરની બહાર જવાનું ટાળે છે. ચૈત્ર મહિનો પૂર્ણ થવાના આરે છે. ગઈકાલે ભુજમાં ૪૩.૩ ડિગ્રીએ પારો પહોંચ્યતા રાજ્યનું ત્રીજા નંબરનું ગરમ મથક નોંધાયો છે. લોકો રસ્તા ઉપર દેખાતા નથી અને જીવનશૈલીમાં પણ ફેરફાર જોવા મળ્યો છે. ગરમીના કારણે અડધી રાત્રી સુધી છતવાળા મકાનોમાં બફારો અને છત ગરમ રહે છે.

## ભુજમાં દુકાન પાસે આગ લાગતા દોડધામ

ભુજ : શહેરના આત્મા રામ રોડ પર ડીપી અને દુકાન પાસે પડેલા કચરાના ઢગલા કારણોસર આગ લાગી હતી. અને બાજુમાં ઝાડી - ઝાંખરા હોવાથી વધુ આગ પ્રસરે તેવી શકયતા હતા. જેથી ઘટના અંગે તાત્કાલિક ભુજ ફાયર વિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી. જેથી ટીમ તાત્કાલિક ઘટના સ્થળે જઈને આગ બુજાવવાની કામગીરી કરેલ હતી.

# કશ્મીરમાં હુમલાના પગલે કચ્છમાં એજન્સીઓ સાબદી બની











ખડીર

**આડેસર, સામખિયાળી સહિતના ટોલનાકે ચેકિંગ વધારાયું : રણ, દરીયાઈ અને હવાઈ સરહદે બીએસએફ, આર્મી, નેવી, એરફોર્સના જવાનો દ્વારા દરેક પરિસ્થિતિ પર રખાતી ચાંપતી નજર: પાકિસ્તાનને અડીને આવેલો જિલ્લો હોવાથી સુરક્ષા વધારાઈ**

ભુજ : જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૨૬ પ્રવાસીઓના મોત થયા જેને પગલે સમગ્ર દેશમાં આક્રોશ ફેલાઈ ગયો છે. પાકિસ્તાનના આતંકી સંગઠને હુમલાની જવાબદારી સ્વિકારી હતી. આ બાદ સરકારે મહત્ત્વ પૂર્ણ નિર્ણય લઈ પાક એસેમ્બલી બંધ કરવા સાથે સિંધુ જળસંધીનો કરાર પણ સમાપ્ત કર્યો છે. કચ્છ જિલ્લો ભારત પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય બોર્ડર ધરાવે છે. અહીં રણ, દરિયો અને હવાઈ સરહદ હોવાથી સુરક્ષા વ્યવસ્થા ખુબ મહત્ત્વપૂર્ણ બની જાય છે. તેવામાં નાપાક હુમલાના પગલે કચ્છ સરહદે સુરક્ષા વધારી દેવામાં આવી છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ લખપતમાં કોટેશ્વર, ક્રીક, બોર્ડર પીલર નં.૧૧૭૫, ખાવડા, વીઘાકોટ, ધોળાવીરા, ખડીર, મૌવાણા, બેલા સહિતની બોર્ડરો પર પોલીસ અને બીએસએફ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કચ્છમાં વિવિધ પ્રકારના ઉદ્યોગો, પવનચક્કીઓના કારણે બારાતુઓની સંખ્યા વધારે છે ત્યારે આડેસર અને સામખિયાળી, ટોલનાકા પર થતા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આડેસર ચેક પોસ્ટ પરથી દેશના ૧૬થી ૧૭ રાજ્યના વાહનો અવર-જવર કરે છે ત્યારે ચેક પોસ્ટ ઉપરાંત સરહદી રણ વિસ્તારમાં પણ વાહનોની તપાસણી હાથ ધરવામાં આવી છે. સામખિયાળી ટોલનાકે પણ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. વિશ્વનો સૌથી મોટો સોલાર પાર્ક ખાવડામાં બની રહ્યો છે. આ વિસ્તાર સરહદની એકદમ નજીક હોવાથી અહીં પણ ખાવડા પોલીસ દ્વારા ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે. પૂર્વ અને પશ્ચિમ કચ્છ પોલીસે સરહદી વિસ્તારમાં રહેતા લોકોને અપીલ કરતા જણાવ્યું કે, આપની આસપાસ સંદીગ્ધ પ્રવૃત્તિ જણાય તો અમને જાણ કરવામાં આવે.

# પહેલગામ આતંકવાદી હુમલાનું મુંદરા ડ્રગ્સ કનેકશન?

**૨૧૦૦૦ કરોડનું હેરોઈન.. ગુજરાતમાં ડ્રગ્સ દાણચોરી સાથે સંકળાયેલા છે : પહલગામ હુમલાના તાર : સુરક્ષા એજન્સીઓ ચોંકી**

નવી દિલ્હી : જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પાછળનું કાવતરું ખૂબ ઊંડું લાગે છે. તેના તાર ગુજરાત સાથે જોડાયેલા હોય તેવું લાગે છે. તાજેતરમાં જ ગુજરાતના મુન્દ્રા બંદર પરથી ૨૧ હજાર કરોડ રૂપિયાનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું. આ કેસની તપાસ કરી રહેલી NIA એ સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે આ જપ્તી પહેલગામ હુમલા સાથે સંબંધિત છે. પહેલગામ હુમલામાં ૨૭ લોકો માર્યા ગયા છે. NIA અનુસાર, આ બધું એક મોટા ડ્રગ દાણચોરીના ષડયંત્રનો ભાગ હતું જેનો હેતુ આતંકવાદી પ્રવળત્તિઓ માટે નાણાં એકત્ર કરવા અને ભારતના યુવાનોને ડ્રગ્સના વ્યસનમાં ધકેલીને દેશને નબળો પાડવાનો હતો. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, બુધવારે સુ-ીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસએન. એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કોટિશ્વર સિંહની બેન્ચને જણાવ્યું હતું કે પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર ગોળીબાર જેવી ઘટનાઓ આ ષડયંત્રનો ભાગ છે. તેમણે કહ્યું કે અગાઉ પણ માન્ય દસ્તાવેજો સાથે ટેલ્કમ પાવડરના નામે અફઘાનિસ્તાનથી માદક દ્રવ્યો ભારતમાં લાવવામાં આવતા હતા. આ દવાઓ દિલ્હીના નેબ સરાય અને અલીપુરના ગોદામોમાં રાખવામાં આવી હતી.

તેમના વેચાણમાંથી મળેલા પૈસા આતંકવાદી પ્રવળત્તિઓ માટે લશ્કર-એ-તૈયબાને મોકલવામાં આવતા હતા. NIA એ એવો પણ આરોપ લગાવ્યો હતો કે કબીર તલવાર આ ડ્રગ સિન્ડિકેટનો ભાગ હતો અને આ ગેરકાયદેસર કાવતરામાં સામેલ હતો. NIA એ તેના સોગંદનામામાં જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનમાં સ્થિત ડ્રગ તસ્કરોએ પાકિસ્તાનના ISI અને ઈરાની વચેટિયાઓની મદદથી ૨,૯૮૮.૨ કિલો હેરોઈનનો મોટો જથ્થો ભારતમાં મોકલ્યો હતો. આ માલની કિંમત ૨૧,૦૦૦ કરોડ રૂપિયા હતી. આ માલ અફઘાનિસ્તાનથી ઈરાન થઈને ભારત લાવવામાં આવ્યો હતો અને તેને ટેલ્કમ પાવડર તરીકે વેશપલટો કરવામાં આવ્યો હતો. ફત અનુસાર, આ ડ્રગના વેચાણમાંથી મળેલા પૈસાનો ઉપયોગ આતંકવાદને ભંડોળ પૂરું પાડવા માટે થવાનો હતો. NIA એ એમ પણ કહ્યું કે ભારતમાં પકડાયેલ ડ્રગ્સનો આ સૌથી મોટો જથ્થો છે. તેનો હેતુ ફક્ત સામાન્ય લોકોને, ખાસ કરીને યુવાનોને ડ્રગ્સના વ્યસનમાં ધકેલીને સમાજને નુકસાન પહોંચાડવાનો નહોતો, પરંતુ તેના વેચાણમાંથી મળેલા પૈસાનો ઉપયોગ આતંકવાદી પ્રવળત્તિઓને પ્રોત્સાહન આપવા માટે પણ કરવાનો હતો. આ કેસમાં ડ્રગ્સની હેરફેર અને આતંકવાદ વચ્ચેના ઊંડા જોડાણને ઉજાગર કરવામાં આવ્યું છે. આ ખુલાસો દેશ માટે એક ગંભીર ચેતવણી છે કે કેવી રીતે ડ્રગ્સની હેરફેરનો ઉપયોગ ફક્ત સમાજને નષ્ટ કરવા માટે જ નહીં પરંતુ આતંકવાદી સંગઠનોને મજબૂત બનાવવા માટે પણ થઈ રહ્યો છે. NIA આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે અને આવા દાણચોરો સામે કડક કાર્યવાહીની માંગ કરી રહી છે.

# રાપર તાલુકા સ્વાગત સમિતિની બેઠકમાં ૮ પ્રશ્નો ઉકેલાયા



રાપર : મામતલદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત સમિતિની બેઠકમાં આઠ પ્રશ્નો ઉકેલાયા હતા. મામલતદાર એચ.બી. વાઘેલાના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત સમિતિની બેઠક મળી હતી. જેમાં અયોધ્યાપુરી ચાર રસ્તા પાસે એનએ, ગાય મરણ સહાય, શક્તિ સુધારણા, ગંગા સ્વરૂપા આર્થિક સહાય, રાશનકાર્ડમાં નામ ઉમેરવા અને સુધારો સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જે તે વિભાગના અધિકારીઓને તાત્કાલિક નિકાલ કરવા સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં નાયબ મામલતદાર એસ.એસ. રાજપૂત, વેટનરી ડો. પ્રજાપતિ, પંચાયત, મહેસુલ, પશુપાલનના અધિકારીઓએ હાજરી આપી હતી.

## ગાંધીધામના શ્રમ આયુક્ત અધિકારીની બદલી

ગાંધીધામ : ગુજરાત રાજ્ય શ્રમ આયુક્ત ગાંધીનગરના નિયંત્રણ હેઠળના શ્રમ અધિકારી વર્ગ-૨ તરીકે ફરજ બજાવતા કર્મીઓની બદલી કરવામાં આવી છે, જેમાં ગાંધીધામના અધિકારીની પોરબંદર ખાતે બદલી કરવામાં આવી છે. ગાંધીધામ ખાતે શ્રમ અધિકારી વર્ગ-૨માં ફરજ બજાવતા સી.એમ. ભટ્ટની પોરબંદરમાં મદદનીશ શ્રમ આયુક્તની કચેરીમાં બદલીથી તાત્કાલિક નિમણૂંક આપવામાં આવી છે. તેમના સ્થાને પોરબંદરથી એમ.એમ. ચૂડાસમાને પદભાર સોંપાયો છે તેવું શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની યાદીમાં જણાવાયું છે.


**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીન: ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com — મેજીસ્ટ્રીયલ શાખા — ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ-મરણ/વશી-૦૪/૨૦૨૫ — **જાહેર નોટીસ** — તા. ૧૬/૦૪/૨૦૨૫
જન્મ રજી.નં.૫૦/૨૦૨૫

શ્રી કોલી મોહનભાઈ ધીંગાભાઈ,
રહેઃ-કંથકોટ,તા.ભચાઉ-કચ્છ. ..................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી.અને
તલાટી સહમંત્રીશ્રી કંથકોટ તા.ભચાઉ-કચ્છ ..................... સામાવાળા

**વિષયઃ- જન્મ ની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે કોલી દેવન્તીબેન મોહનભાઈ નો જન્મ મું.કંથકોટ, તા.ભચાઉ મુકામે તા.૦૧/૦૬/૨૦૦૯ ના રોજ થતાં તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા. ૨૮/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.



**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીન: ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com — મેજીસ્ટ્રીયલ શાખા — ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ-મરણ/વશી-૦૪/૨૦૨૫ — **જાહેર નોટીસ** — તા. ૧૬/૦૪/૨૦૨૫
જન્મ રજી.નં.૪૯/૨૦૨૫

શ્રી કોલી મોહનભાઈ ધીંગાભાઈ,
રહેઃ-કંથકોટ,તા.ભચાઉ-કચ્છ. ..................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી.અને
તલાટી સહમંત્રીશ્રી કંથકોટ તા.ભચાઉ-કચ્છ ..................... સામાવાળા

**વિષયઃ- જન્મ ની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેમના પુત્ર નામે કોલી મહેશભાઈ મોહનભાઈ નો જન્મ મું.કંથકોટ, તા.ભચાઉ મુકામે તા.૧૬/૦૧/૨૦૧૧ ના રોજ થતાં તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા. ૨૮/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ગાંધીધામમાં ઓધવ જયોત રથનું ભવ્ય સ્વાગત

**શહેરમાં નિકળેલી ભવ્ય બાઈક- કાર રેલીએ જમાવ્યું આકર્ષણ : ગાંધીધામ સંકુલ આયો રામ ઓધવરામના નાદથી ગાજી ઉઠયું : ભાનુશાલી સમાજવાડી ખાતે મહારાસ અને મહાપ્રસાદનો ભાવિકોએ લીધો લાભ : વિવિધ સામાજીક સંસ્થાઓ દ્વારા ઓધવ જયોત રથને અપાયો આવકાર**






તસવીર : પરેશ પટેલ































ગાંધીધામ : ભારતના પવિત્ર તિર્થ હરિદ્વારથી નિકળેલ ઓધવ જયોત રથ ગાંધીધામ આવી પહોંચતા સરદાર પટેલના પુતળા પાસે ભાનુશાલી સમાજ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું. ઓધવ જયોત ગાંધીધામ પહોંચતા અખિલ ભારતીય સિંધી મહાજન સરોવરના પ્રમુખ ગંગારામભાઈ ભાનુશાલી અને હરેશભાઈ ભાનુશાલીએ ફુલહારથી સ્વાગત કર્યું હતું. ઓધવ જયોત રથના સ્વાગત માટે જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકાના પૂર્વ નગરસેવકો, ઉપરાંત ભાનુશાલી સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. વિવિધ સામાજીક સંસ્થાના હોદ્દેદારો દ્વારા પણ ઓધવ જયોત રથનું સ્વાગત કરાયું હતું.

ઓધવ જયોત રથના સત્કાર બાદ સરદાર પટેલના પુતળા પાસેથી ડીજેના સંગાથે ભાનુશાલી સમાજની બાઈક રેલી નિકળી હતી. આ રેલીમાં ૧૬૦ થી વધુ બાઈકો, ૬૦ જેટલા ફોર વ્હીલર વાહનો જોડાયા હતા. આ ભવ્ય યાત્રાને શહેરમાં આવકાર અપાયો હતો. સરદાર પટેલ પુતળાથી ઝંડાચોક, ભાઈપ્રતાપ સર્કલ, ગાંધી માર્કેટ, લીલાશા સર્કલ, ગોપાલપુરી થઈને ભાનુશાલી સમાજવાડી ખાતે રેલીએ વિરામ લીધો હતો. આ રેલી ભારતનગરમાં આવેલ ભાનુશાલી સમાજવાડીમાં પહોંચતા સમાજની બાળાઓએ કળશ લઈ ઓધવ જયોતનું સ્વાગત કર્યું હતું. ઓધવ જયોતને પહેલા અંબેધામ મંદિરમાં દર્શન કરાવ્યા બાદ આ જયોત સમગ્ર સમાજના લોકોને દર્શન માટે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે ઓધવરામ મહારાજની સ્તુતિ, વાલરામ મહારાજની સ્તુતિ, કુળદેવી હિંગલાજ માંની સ્તુતિ, વાલરામ ચાલીસા અને હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ ડીજેના સંગાથે ભવ્ય રાસનું આયોજન કરાયું હતું. જેમાં સમાજના ભાઈ બહેનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. ગરબાના તાલે લોકો ઝુમી ઉઠયા હતા. મહારાસ બાદ મુખ્ય યજમાન સ્વ.કરશનદાસ પરસોત્તમ ચાંદ્રા પરિવાર દ્વારા મહાપ્રસાદનો લાભ ભાવિકોએ લીધો હતો.

ગાંધીધામના ઓધવ ભવન ખાતે ભવ્ય કાર્યક્રમ બાદ બીજા દિવસે ઓધવ જયોત રથ ઓધવ ભવનથી નીકળી ભાનુ ભવન પહોંચ્યું હતું. ભાનુ ભવન ખાતે સમાજના લોકોની બહોળી ઉપસ્થિતિમાં ઓધવ જયોતને ભવ્ય આવકાર અપાયો હતો. ભાનુ ભવન ખાતે સંગીતમય આરતી અને રાસ-ગરબાના કાર્યક્રમો યોજાયા હતા, જેનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.

આ કાર્યક્રમમાં સિંધી ભાનુશાલી સમાજના પ્રમુખ ગંગારામભાઈ ભાનુશાલી અને ગાંધીધામ ભાનુશાલી સમાજના પ્રમુખ હરેશભાઈ ભાનુશાલી, આદીપુર ભાનુશાલી સમાજના પ્રમુખ દિપકભાઈ, ધવલભાઈ આચાર્ય, ડીવાયએસપી એ વી રાજગોર, જીતુભાઈ નાથાણી, માધુભાઈ ભીમાણી, દિપક ગગલાની, વિનુભાઈ મેઘાણી, ભાવેશભાઈ ખીમાણી, લક્ષ્મણભાઈ નાથાણી, મિર્ચુભાઈ મંગે, સતિષભાઈ કટારમલ, સુનિલભાઈ દયા રામાણી, મુકેશભાઈ બકડ, કમલેશભાઈ તેજવાણી, ધવલ મિતવાણી,ઓમ નાથાણી,સોનુ મંગલાની, રમેશભાઈ મહેશ્વરી, નિર્મલભાઈ, પ્રકાશભાઈ મિતવાણી, ગીરીશભાઈ ભાનુશાલી, કમલેશ પરિયાણી, મિતેશ ચૌધરી, તેજસ સેઠ, એ કે સિંહ, સુરેશ મહારાજ, નિલેશભાઈ, સમાજના અગ્રણીઓ વસંતભાઈ, ગોવિંદભાઈ, નાનજીભાઈ, દિપકભાઈ, જીતુભાઈ, નવીનભાઈ, વિનોદભાઈ, મોહનભાઈ, મહાદેવજી ભાઈ, લીલાધરભાઈ સાથે સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ભાનુશાલી મહાજન, મહિલા મંડળ, સખીગ્રુપ તથા યુવા સર્કલના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. તેવું ભાનુશાલી સમાજના મહામંત્રી મોહનભાઈ ગોવિંદભાઈ ગોરીની યાદીમાં જણાવાયું હતું.

# કચ્છના પૂર્વ ડીડીઓ પ્રભવ જોશીની ટીમનો દીલ્હીમાં ડંકો

## દેશના ૭૮૦ જિલલાઓમાથી રાજકોટ જિલ્લાએ બાજી મારી : શ્રીજોષી વર્તમાન સમયે રાજકોટના કલેકટર પદે છે સેવારત : જાહેર વહીવટમાં ઉત્તમ કામગીરી બદલ પીએમના હસ્તે એવોર્ડ એનાયત

ગાંધીનગર:કેન્દ્ર સરકારની ૧૧ જેટલી ફ્લેગશીપ યોજનામાં રાજકોટ જિલ્લાની કામગીરી સર્વશ્રેષ્ઠ રહેતા "હોલીસ્ટિક ડેવલપમેન્ટ કેટેગરી" અંતર્ગત દેશના ૭૮૦ જિલ્લાઓમાંથી રાજકોટ જિલ્લાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી "પી.એમ. એવોર્ડ્સ ફોર એક્સેલેન્સ પબ્લિક એડમિનિસ્ટ્રેશન ૨૦૨૪" મેળવ્યો છે. ગ્રામીણ વિકાસ યોજનાઓના અસરકારક અમલ બદલ રાજકોટ જિલ્લાને રાષ્ટ્રીય સ્તરે "હોલિસ્ટિક ડેવલપમેન્ટ કેટેગરી"માં સર્વશ્રેષ્ઠ જિલ્લાનો પુરસ્કાર મળ્યો છે. દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કલેકટર પ્રભવ જોશીને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.કેન્દ્ર સરકારની અગિયાર જેટલી મહત્વપૂર્ણ યોજનાઓના ઉત્કૃષ્ટ અમલીકરણ બદલ રાજકોટ જિલ્લાને આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. આ યોજનાઓમાં હર



ઘર નલ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ અને શહેરી), મિશન ઈન્દ્રધનુષ, આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પીએમ સ્વનિધી, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, પીએમ વિશ્વકર્મા, સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ તથા પીએમ સૂર્ય ઘર મફત વિજળી યોજનાઓનો સમાવેશ થાય છે.રાજકોટ જિલ્લામાં ૩૨ હજારથી વધુ ઘરો પીએમ સૂર્યઘરથી જોડાઈને ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બન્યા છે, સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ દ્વારા દૈનિક ૮૮૦ થી વધુ લાભાર્થીઓને પોષણયુક્ત આહાર અને રમકડાં પૂરા પાડવામાં આવે છે, જેમાં મહિલા સ્વ-સહાય જૂથોનો સક્રિય સહયોગ રહેલો છે.પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૧૫.૩ લાખથી વધુ લોકો નોંધાયેલા છે અને ૩.૭૬ લાખ દાવાઓમાં ૧૧૬૫ કરોડ રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી છે. જિલ્લાના ૨.૩ લાખથી વધુ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા મળી છે.શહેરી આવાસ યોજના હેઠળ ૯૨૦૦ થી વધુ આધુનિક સુવિધાઓવાળા મકાનો બનાવાયા છે, જેમાંથી ૧૨ પ્રોજેક્ટને ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેટ મળ્યું છે. વધુમાં, ૪૭ વર્ષ જૂની હાઉસિંગ સોસાયટીનું પુનઃવિકાસ કાર્ય પણ હાથ ધરાયું છે.

# મુન્દ્રા પોલીસને મળી મોટી સફળતા : ૩૭ લાખના કોકેઈન સાથે બે યુવક પકડાયા

## ડમી કસ્ટમરને મોકલીને માદક પદાર્થ પકડી લેવાયો : રાજસ્થાનના સાંચોરના બિશ્નોઈ પાસેથી વેચાણ અર્થે માલ લાવ્યાની કબૂલાત

ભુજ : કચ્છ જિલ્લામાં પરપ્રાંતિય વસ્તીના કારણે ગુનાખોરીમાં વધારો થઈ રહ્યો છે તેવામાં મુન્દ્રા પોલીસને મોટી સફળતા મળી છે. જેમાં ૩૭ લાખના કોકેઈન સાથે બે યુવકને ઝડપી લેવામાં આવ્યા છે. ડમી કસ્ટમરને મોકલીને આ માદક પદાર્થ કબજે કરવામાં આવ્યો હતો.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ મુન્દ્રા પોલીસના હેડ કોન્સ્ટેબલ રોહિતગિરિ ગોસ્વામીને બાતમી મળી હતી કે, મુન્દ્રામાં ભક્તિપાર્ક-૨ મા રહેતા અને મુળ રાજસ્થાનના દિનેશ બિરબલરામ ગુર્જર અને દલારામ અમરારામ પરિહાર નામના યુવકો ગેરકાયદે રીતે નશીલા ડ્રગ્સનું વેચાણ કરે છે. જેથી પીઆઈ આર. જે.ઠુમ્મરના માર્ગદર્શનમાં પીએસઆઈ એન.પી. ગોસ્વામી સહિતની ટુકડીએ દરોડો પાડવા માટે વ્યૂહરચના ગોઠવી અને ડમી કસ્ટમરને મોકલીને આરોપીઓને રંગે હાથ ઝડપી લેવા પ્લાન બનાવ્યો હતો. ડમી કસ્ટમરની સામે આરોપીઓ માલ લઈને આવ્યા અને પોલીસે દિનેશ અને દલારામને દબોચી લીધા હતા. એફએસએલને બોલાવીને પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સદર માદક પદાર્થ કોકેઈન હોવાનું સામે આવ્યું હતું. ૧ ગ્રામ કોકેઈનની આંતરરાષ્ટ્રીય બજારમાં ૧ લાખ રૂપિયા કિંમત છે. જેથી ૩૭ ગ્રામ કોકેઈનની ૩૭ લાખ કિંમત આંકવામાં આવી હતી. પુછપર કરતા કબૂલાત આપી કે, ૧૯ એપ્રિલના દલારામ સાંચોર ગયો હતો, જ્યાં દિનેશ ગુર્જરના ઓળખીતા સેન્ડી બિશ્નોઈ પાસેથી દિનેશના કહેવાથી કોકેઈન લઈને આવ્યો હતો. વેચાણ માટે કોકેઈન લઈને આવ્યો હતો. પોલીસે બે મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કરી ત્રણેય ઈસમો સામે એનડીપીએસનો ગુનો દાખલ કર્યો છે. આગળની તપાસ મુન્દ્રા પોલીસે હાથ ધરી છે. જેમાં અત્યાર સુધી કેટલી વખત માલ લાવી વેચાણ કરવામાં આવ્યું, કોણ કોણ ગ્રાહકો છે તે સહિતની દિશામાં તપાસ હાથ ધરાઈ છે. મુન્દ્રા વિસ્તારમાં ડ્રગ્સની બદી અટકાવવા માટે સ્થાનિક પોલીસ દ્વારા કરાઈ રહેલી કામગીરી અભિનંદનને પાત્ર છે.

# ગુજરાતના પ્રવાસીઓ કાશ્મીર યાત્રા રદ કરવાની હોડમાં, એરલાઈન્સને પણ કરી રજુઆત

નવી દિલ્હી : પહેલગામ આતંકવાદી હુમલાને પગલે ગુજરાતના પ્રવાસીઓમાં તેમની પૂર્વ-નિર્ધારિત કાશ્મીર યાત્રા રદ કરવાની ઉતાવળ છે અને ટૂર ઓપરેટરો પ્રવાસીઓને સંપૂર્ણ રિફંડ મળે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.ગુજરાત ટૂર ઓપરેટર્સ અને ટ્રાવેલ એજન્ટ્સ એસોસિએશને જણાવ્યું હતું કે તેમણે એરલાઈન્સને શ્રીનગરની ટિકિટો માટે ૩૦ એપ્રિલને બદલે ૩૦ જૂન સુધી મફત રદ કરવાની સુવિધા પૂરી પાડવા વિનંતી કરી છે જેમ તેઓ પહેલા કરી રહ્યા હતા. કાશ્મીર ગુજરાતના પ્રવાસીઓ માટે સૌથી પ્રિય સ્થાનિક પર્યટન સ્થળ બની ગયું છે, જ્યાં ૨૦૨૪ માં લગભગ પાંચ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. પહેલગામમાં થયેલા હુમલામાં માર્યા ગયેલા ૨૬ લોકોમાંથી ત્રણ ગુજરાતના મૂળના હતા. મોદીએ કહ્યું કે મોટી સંખ્યામાં લોકો કાશ્મીરની તેમની આયોજિત યાત્રાઓ રદ કરી રહ્યા છે અને ટૂર ઓપરેટરો એરલાઈન્સ સાથે વાત કરી રહ્યા છે જેથી જો તેઓ ૩૦ જૂન સુધી તેમની યાત્રાઓ રદ કરે તો તેમને સંપૂર્ણ રિફંડ મળી શકે.ટ્રાવેલ્સ ઓપરેટરોનું કહેવું છે કે, "અમે કાશ્મીર ટુર પેકેજો રદ કરવા માંગતા તમામ લોકોને કોઈપણ કેન્સલેશન ચાર્જ વિના રદ કરવાની મંજૂરી આપી રહ્યા છીએ. જો તેઓ ઈચ્છે તો, કોઈપણ મુશ્કેલી વિના, અમે તેમને અન્ય સ્થળો પસંદ કરવાની પણ મંજૂરી આપી રહ્યા છીએ."

# બિહાર ચૂંટણી : મહાગઠબંધન એક્શનમાં

## આજે બીજી મહત્વપૂર્ણ બેઠક : આર જે ડી, કોંગ્રેસ, અન્ય ગઠબંધનના નેતાઓની ઉપસ્થિતી

ગાંધીનગર : બિહરા વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય ધરાતલ તપવા લાગી ગઈ છે. આ મામલે મળતી વધુ વિગતો અનુસાર અહી મહાગઠબંધ પણ એક્શનમાં આવી ગયું છે. આજ રોજ પટના ખાતે મહાગઠબંધનની બીજી બેઠક યોજવામા આવી રહી છે. આ બેઠકમાં આરજેડી, કોંગ્રેસ ઉપરાંત ગઠબંધનના એલાયન્સ હાજર રહેશે.

# ગુજરાતના પરિવારોની સુરક્ષા અને સલામતી માટે રાજ્ય સરકાર જમ્મુ કાશ્મીર તંત્ર સાથે સતત સંકલનમાં

## રાજ્ય સરકારે બે હેલ્પલાઇન નંબર જાહેર કર્યા

ગાંધીનગર: જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાના પગલે ત્યાં પ્રવાસ અર્થે ગયેલ ગુજરાતના પરિવારોની સુરક્ષા અને સલામતી માટે રાજ્ય સરકાર જમ્મુ કાશ્મીર તંત્ર સાથે સતત સંકલનમાં છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આજે સોશિયલ મીડિયા 'X' પર પોસ્ટ કરીને કહ્યું હતું કે ગુજરાતના પ્રવાસીઓ હેમખેમ વતનમાં પરત ફરે તે માટે રાજ્ય સરકાર જરૂરી વ્યવસ્થાઓ કરી રહી છે. આ માટે રાજ્ય સરકારે સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે બે હેલ્પલાઈન નંબર શરૂ કર્યા છે. યાત્રિકો અને તેમના પરિવારજનો લેન્ડલાઈન નંબર ૦૭૯-૨૩૨૫૧૯૦૦ અને મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૫૩૦૪ પર સંપર્ક કરીને સુરક્ષા વિષયક બાબતો તેમજ ગુજરાત પરત ફરવા અંગે સંકલન સાધી શકશે, તેમજ જરૂરી મદદ મેળવી શકાશે.

# મોદી સરકારની પાક પર વધુ એક સ્ટ્રાઈક : પાક અભિનેતાની ફિલ્મ ભારતમાં રીલીઝ નહી થાય

નવી દિલ્હી : પહલગામના હુમલા બાદ ભારત સતત પાકીસ્તાન પર કડક પગલા લઈ રહ્યા છે. હવે પાકીસ્તાની અભિનેતા ફવાદ ખાનની ફિલ્મી અબીલ ગુલાલ હવે રીલીઝ નહી કરે. આ ફિલ્મ હવે અહી રીલીઝ નહી કરવામાં આવે.

# રૂ.૧૦ લાખથી વધુ કિંમતની લક્ઝરી ચીજવસ્તુઓ પર હવે ૧% TCS

નવી દિલ્હી : હવેથી રૂ.૧૦ લાખથી વધુ કિંમતના હેન્ડબેગ, કાંડા ઘડિયાળ, ફૂટવેર અને સ્પોર્ટસવેર પર એક ટકા ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ લાગુ પડશે. હાલમાં રૂ.૧૦ લાખથી વધુ કિંમતના મોટર વ્હિકલ પર આ ટેક્સ લાગુ પડે છે, પરંતુ હવે આવકવેરા વિભાગે એક નોટિફિકેશન જારી કરી આ ટેક્સ હેઠળ બીજી લક્ઝરી પ્રોડક્ટ્સને પણ આવરી લીધી છે. આવકવેરા વિભાગે ૨૨ એપ્રિલે કેટલીક લક્ઝરી પ્રોડક્ટ્સ અને સંગ્રહલાયક વસ્તુઓની યાદી જાહેર કરી હતી, જેના પર હવેથી ૧ ટકા TCS લાગુ થશે. આ યાદીમાં આ યાદીમાં કાંડા ઘડિયાળો, ચિત્રો, શિલ્પો અને પ્રાચીન વસ્તુઓ જેવી કલા વસ્તુઓ, સિક્કા અને સ્ટેમ્પ સહિતની સંગ્રહયોગ્ય વસ્તુઓ, યાટ્સ, હેલિકોપ્ટર, લક્ઝરી હેન્ડબેગ, સનગ્લાસ, ફૂટવેર, હાઈ એન્ડ સ્પોર્ટસવેર અને ઈક્વિપમેન્ટ, હોમ થિયેટર સિસ્ટમ્સ તથા રેસિંગ અથવા પોલો હોર્સનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે પ્રોડક્ટ્સના વેચાણ સમયે ખરીદનાર પાસેથી TCS વસૂલવામાં આવતો હોય છે અને તેને I-T રિટર્ન ફાઈલ ખરીદદાર તેના પર રિફંડ માગી શકે છે. TCSથી સરકારને કોઈ વધારાની આવક થતી નથી, પરંતુ ખરીદી સમયે PAN વિગતો સબમિટ કરવાની હોવાથી કર વિભાગને ઊંચા મૂલ્યના વસ્તુઓની ખરીદી કરતા લોકો પર નજર રાખવામાં મદદ મળે છે.

# બીજાપુરમાં સુરક્ષાદળોનું મોટું ઓપરેશન, ૫ નક્સલીઓ ઠાર; ૧૦૦થી વધુ IED કર્યા નિષ્ક્રિય

નવી દિલ્હી : છત્તીસગઢતેલંગાણા બોર્ડરે બીજાપુર જિલ્લાના કરેગુટ્ટાના જંગલમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૫ નક્સલીઓ માર્યા ગયાછે.સુરક્ષાદળોએત્રણદિવસપહેલાસૌથીમોટાનક્સલવિરોધી ઓપરેશનનો આરંભ કર્યો હતો. હજુ સર્ચ ઓપરેશન અને એક્રાઉન્ટર ચાલુ છે. નક્સલવાદીઓ સામેના આ ઓપરેશનમાં અનેક સુરક્ષા એકમો સામેલ છે, જેનો ઉદ્દેશ્ય સરહદી જંગલ વિસ્તારોમાં નક્સલવાદીઓની હાજરી અને માળખાગત સુવિધાઓને ખતમ કરવાનો છે. મળતી માહિતી મુજબ નક્સલવાદીઓ ચારે બાજુથી ઘેરાઈ ચૂક્યા છે. સુરક્ષા દળોએ બીજાપુર જિલ્લામાં સર્ચ ઓપરેશન દરમિયાન એક એક્રાઉન્ટરમાં ૫ નક્સલીઓને ઠાર માર્યા છે. એક્રાઉન્ટર સ્થળેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકો મળી આવ્યા છે. બીજાપુર જિલ્લાના ઈન્દ્રાવતી વિસ્તારના જંગલોમાં નક્સલીઓની હાજરી અંગેની માહિતીના આધારે જિલ્લા રિઝર્વ ગાર્ડ, બીજાપુર, DRG દાંતેવાડા, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન અથવા ૪ઁમ્ઇછની સંયુક્ત ટીમ ઓપરેશન માટે ગઈ હતી. બીજાપુરમાં નક્સલવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળોનું આ અત્યાર સુધીનું સૌથી મોટું સંયુક્ત ઓપરેશન છે. સૂત્રોના જણાવ્યા અનુસાર નક્સલવાદીઓ IEDનો ઉપયોગ કરી શકે છે, તેથી સુરક્ષા દળો સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ ઈંઢ મળી આવ્યા છે. નક્સલીઓએ સૈનિકોને નિશાન બનાવવા માટે આ વિસ્ફોટકો પ્લાન્ટ કર્યા હતા.

# જે સ્કૂલમાં લોકોએ આશ્રય લીધો ત્યાં જ ઈઝરાયલે બોમ્બમારો કર્યો

## ઇઝરાયેલનું લશ્કર સામાન્ય નાગરિકોના મોત માટે હમાસને જ જવાબદાર ઠેરવતું આવ્યું છે, કારણ કે હમાસના નાગરિકો ગીચ વસ્તીની અંદર છૂપાયેલા છે

જેરૂસલેમ : ઈઝરાયેલે ગાઝા સિટીમાં શેલ્ટર હોમ બનાવી દીધેલી સ્કૂલ પર હુમલો કરતાં ૨૩ના મોત થયા છે. આ હુમલામાં કેટલાક ટેન્ટમાં આગ લાગતા કેટલાક લોકો જીવતા સળગી ગયા હતા. ઈઝરાયેલ તરફથી આ હુમલાને લઈને કોઈપણ પ્રકારની ટિપ્પણી આવી નથી. બીજી બાજુએ આરબ મધ્યસ્થીકારો ઈઝરાયેલ અને હમાસ વચ્ચે પાંચથી સાત વર્ષના લાંબા ગાળાની શાંતિના કરાર માટેના પ્રયાસ આદર્યા છે. ઈઝરાયેલનું લશ્કર સામાન્ય નાગરિકોના મોત માટે હમાસને જ જવાબદાર ઠેરવતું આવ્યું છે, કારણ કે હમાસના નાગરિકો ગીચ વસ્તીની અંદર છૂપાયેલા છે. ઈઝરાયેલે ગાઝા ફરતે લગભગ બે મહિનાથી નાખેલા ઘેરાના કારણે ત્યાંના લોકો સુધી માનવીય સહાય પહોંચવી લગભગ અશક્ય બની ગઈ છે. આ બદલ ફ્રાન્સ, જર્મની અને બ્રિટને ઈઝરાયેલની ટીકા કરી છે. ત્રણેય દેશ ઈઝરાયેલના ગાઢ સહયોગી માનવામાં આવે છે. પેલેસ્ટાઇનમાં વેસ્ટ બેન્કના પ્રમુખ મહમુદ અબ્બાસીએ હમાસને બંધકોને મુક્ત કરવા જણાવ્યું છે. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હમાસે શસ્ત્રો ત્યજી દેવા જોઈએ. તેણે હમાસની તુલના કૂતરાઓ સાથે કરી હતી, જે ભસભસ તો કરે છે પણ કશું કરી શકતું નથી.જો કે પશ્ચિમ સમર્થન પેલેસ્ટાઈની સત્તામંડળના વડા અબ્બાસ હમાસ પર કોઈ પ્રભાવ ધરાવતા નથી. બીજી બાજુ હમાસની માંગ છે.





જમ્મુ કાશ્મીરનાં અનંતનાગ જિલ્લાના પહેલગામ ખાતે જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના બે સ્વર્ગસ્થ નાગરિકોના મૃતદેહ વિમાન માર્ગે અમદાવાદ એરપોર્ટ પર લવાયા હતા. અમદાવાદ એરપોર્ટ પર આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રોટોકોલ મંત્રી મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મંત્રી શ્રી મુકેશ પટેલે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# પહેલા પાનાથી... આતંકનો ખાત્મો

આજ રાષ્ટ્રકવિ દિનકરજીની પણ પુણ્યતીથી છે તેમને વંદન કરું છુ. બિહાર એ ધરતી છે જયાથી પુ. બાપુએ સત્યાગ્રહના મંત્રનો વિસ્તાર કર્યો હતો. પુ. બાપુનો દ્રઢ વિશવાસ હતો કે જયા સુધી ભારતના ગામો મજબુત નહી થાય, ત્યાં સુધી ભારતનો તેજ વિકાસ નહી થવા પામી શકે. દેશમાં પંચાયતી રાજની પરિકલ્પનાની પાછળ આ જ ભાવના વિતેલા દાયકાઓમાં પંચાયતોને શસકત કરવા માટે એક પછી એક કદમ ઉઠાવવામાં આવ્યા છે. ટેકનોલોજીના માધ્યમથી પંચાયતોને મજબુત કરવામા આવ્યા છે.

વિતેલા દાયકાઓમાં બે લાખથી વધુ ગ્રામ પંચાયતોને ઈન્ટરનેટથી જોડવામા આવ્યો છે. સાડા પાંચ લાખથી વધુ આવા કેન્દ્રો ગામમાં બન્યા છે. પંચાયતોના ડીજીટલ બનવાથી વધુ એક ફાયદો થયો જન્મ મરણ પ્રમાણપત્ર, ભુમી ધારણ પ્રમાણપત્ર, આવા કેટલાય દસ્તાવેજો હવે સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. વીતેલા એક દાયકામાં બે લાખ કરોડ રૂપીયાથી વધુનું ફંડ પંચાયતોને મળ્યું છે. આ બધા જ પૈસા ગામડાઓના વિકાસમાં લગાવાયા છે. ગ્રામ પંચાયતોની એક વધુ સમસ્યા, ભુમી વિવાદથી જોડાયેલી જ રહીહતી. કઈ જમીન ખેતીની છે, કઈ જમીન પંચાયતની કઈ છે, સરકારી કઈ છે, આ બધાય વિષયો પર વિવાદ થતોરહેતો હતો. તેના સમાધાન માટે જમીનોની ડીજીટલકરણ કરવામા આવી રહ્યું છે. તેનાથી અનઆવશ્યક વિવાદો ઉકેલવામાં મદદ મળી છે. આપણે જોયુ છે કે, પંચાયતોએ કેવી રીતે સામાજિક ભાગીદારીને શસકત કરી છે. બિહાર દેશનું પહેલુ રાજય હતુ જયા મહીલાઓને ૫૦ ટકા અનામતની સુવીધા આપવામાં આવી હતી. દેશમાં મહીલાઓની આવક વધારવા માટે રોજગાર , સ્વરોજગારના નવા અવસરો બનાવવા સરકાર મિશન મોડમાં કામ કરી રહી છે. બિહારમા ચાલી રહેલા જીવિકા દીદી કાર્યક્રમથી અનેક બહેનોના જીવન બદલાયા છે. આજે અહી બિહારની બહેનોને એક હજાર કરોડ રૂપીયાની મદદ આપવામાં આવી છે. તેનાથી બહેનોના આર્થિક શસકિતકરણને વધુ બળ મળવા પામશે. તે દેશામાં ત્રણ કરોડ લખપતિ દીદી બનાવવાના લક્ષ્યના પ્રાપ્તિમાં સહયોગી બનશે. મિત્રો વિતેલા દાયકાઓમાં ગ્રામીણ અર્થવ્યવસ્થાઓને નવી ગતિ મળી છે. ગામમાં પાણી, ગેસના જોડાણો પહોચ્યાં છે. રોજગારના નવા અવસર પણ બન્યા છે.

## મોદીના ઉદેબાધનના મુખ્ય અંશ

-લદાખ-સિયાચીનમાં ફાઈજી-ફોરજી સેવાઓ મજબુત બનાવી - દેશમાં ૩૦૦૦ વધુ નવા પંચાયત ભવન બનાવાવમા આવેશ - પીએમ આવાસ યોજનાનો લક્ષ્ય હર ગરબીનુ પોતાનુ ઘર હોય - ગત દાયકો ભારતની માળખાગત સુવિધાનો દાયકો બન્યો - બીહારથી બાપુએ સત્યાગ્રહ મંત્રનો વિસ્તાર કર્યો - બિહારમા અત્યાર સુધીમાં ૫૭ લાખ પાક્કા ઘર મળશે - એક દાયકામાં ગ્રામીણ અર્થવ્યવસ્થાને નવી ગતી મળી - બીહારમાં રેલવે-વીમાની સેવાઓ વધી છે - ગાંધીજીનું સ્વપ્ન હતુ કે ગામડાઓ મજબુત બને - દેશના ખેડુતો અર્થવ્યવસ્થાની કરોડરજજુ છે - બિહારમા પુરનો પ્રકોપ ઘટાડવા ૧૧ હજાર કરોડ રૂપીયાની ફાળવણી કરી છે - બિહારનું મખાના દુનીયાભરની બજારમો પહોચશે- બિહારમાં નેશનલ ફુટ એન્ડ ટેકનોલોજી ઈન્સટીટયુ બનશે

# હિન્દીને લઈને બે રાજ્યોના CM સામસામે : CM ફડણવીસની CM સ્ટાલિનને શિખામણ!

નવી દિલ્હી : મહારાષ્ટ્રના દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે તેમના તમિલનાડુના સમકક્ષ MK સ્ટાલિન પર વળતો પ્રહાર કરતા તેમને પૂછ્યું કે તેઓ 'બહુભાષીવાદ માટે ખુલ્લા મનના કેમ નથી' અને જો કોઈ હિન્દીમાં અભ્યાસ કરવા માંગે છે તો તેમને સમસ્યા શું છે. CM ફડણવીસે કહ્યું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કોઈપણ ભાષાની પસંદગી માટે દબાણ કરતી નથી કે ફરજ પાડતી નથી અને તે અંગ્રેજી સિવાય ફક્ત કોઈપણ બે ભારતીય ભાષાઓનો અભ્યાસ કરવાનું કહે છે.

તેમણે CM સ્ટાલિનને કહ્યું કે, તેમણે પહેલા જાણવું જોઈએ કે NEP ખરેખર શું છે.CM ફડણવીસનું આ નિવેદન એવા સમયે આવ્યું છે કે, જ્યારે CM સ્ટાલિને એક દિવસ પહેલા પૂછ્યું હતું કે, શું કેન્દ્ર સરકાર મહારાષ્ટ્રના CM દેવેન્દ્ર ફડણવીસના એવા વલણને સમર્થન આપે છે કે, NEP હેઠળ રાજ્યમાં મરાઠી સિવાય અન્ય કોઈ ભાષા ત્રીજી ભાષા તરીકે ફરજિયાત નથી.

૧૬ એપ્રિલના રોજ, મહારાષ્ટ્ર સરકારના શાળા શિક્ષણ વિભાગે રાજ્યની મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત બનાવવાનો સરકારી ઠરાવ બહાર પાડ્યો હતો.

# સિંચાઈ વિભાગના નાયબ ચીટનીશ ૪,૦૫૦ની લાંચ લેતા ઝડપાયો

ગાંધીનગર :ખેડા જિલ્લા પંચાયતમાં સિંચાઈ વિભાગના નાયબ ચીટનીશ મિતુલ પટેલ લાંચ લેતા ઝડપાયો છે. કોન્ટ્રાક્ટર પાસે બિલની ફાઈલ મંજૂર કરાવવા દોઢ ટકો લાંચ માંગી હતી. ત્યારે એસીબીની ટીમના છટકાંમાં આજે નાયબ ચીટનીશ રૂા. ૪,૦૫૦ની લાંચ લેતા ઝડપાઈ ગયો હતો.ખેડા જિલ્લા સિંચાઈ વિભાગમાં વર્ષોથી નાયબ ચિટનીશ સહિત અનેક હોદ્દા ધરાવતા મિતુલ કાછીયા પર ઉપરી અધિકારીઓના ચાર હાથ હતા.પરીણામે નાયબ ચિટનીશ ઉપરાંત વિભાગીય હિસાબનીસ સહિતના ચાર્જ ધરાવતો હતો. મિતુલ કાછિયા- પટેલ કોન્ટ્રાક્ટરો પાસે ટકાવારી લેવા ઉપરાંત કામમાં ભ્રષ્ટાચાર આચરી અને કોન્ટ્રાક્ટરો સાથે નાણાંકીય સાંઠગાંઠ પણ કરતો હતો. જિલ્લાના એક કોન્ટ્રાક્ટરના રૂા. ૨.૭૦ લાખના એક વિકાસ કામની ફાઈલ મિતુલ કા.પટેલના ટેબલે પહોંચી હતી.

# ખાવડામાં અદાણી પાર્ક પાસે દુકાનમાં વેચાતો દારૂ પકડાયો

ભુજ : તાલુકાના ખાવડા ખાતે વિશ્વનો સૌથી મોટો સોલાર પાર્ક બની રહ્યો છે. અહીં ૧૦ હજારથી વધારે પરપ્રાંતિય શ્રમિકો કામ કરે છે. અવાર-નવાર અહીં દેશી-વિદેશી શરાબ વેચાતો હોવાના વીડિયા વાયરલ થાય છે. તેવામાં અહી અદાણી પીએસએસ-૧૩થી આગળ એક ચાર રસ્તા પાસે ખુલ્લા રણમાં પાટિયાથી બનાવેલી ઝુપડીમાં દેશી અને અંગ્રેજી દારૂ વેચવામાં આવતો હતો. સ્થળ પરથી રોયલ ચેલેન્જ એક્સક્લુઝિવ સ્મૂથ બ્લેન્ડની ૧૨ બોટલ, રોયલ બ્લેક એપલ વોડકાની ૧૨ બોટલ તેમજ દેશી દારૂની એક લિટરની એક એવી ૯૪ બોટલ મળી કુલ ૧૨,૦૮૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. સાથે છાડુરાના હાલે આરઈ પાર્કમાં રહેતા રાજેન્દ્રસિંહ માનસંગજી જાડેજાની ધરપકડ કરી ખાવડા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### નાના લાયજામાં દારૂની હેરફેર કરવા નીકળેલો યુવક ઝડપાયો

દરમિયાન માંડવી તાલુકાના નાના લાયજા ફાટક પાસે બાતમીના આધારે એલસીબીએ જ્યુપીટર ગાડી નં.જીજે૧૨-ઈએન-૩૭૨૭ ને અટકાવી તેની ડીકી તપાસતા તેમાંથી દારૂની ૨૦ બોટલ કિંમત રૂા.૩,૭૩૪ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. દારૂની હેરફેર કરવા નીકળેલો પાંચોટિયાનો જીવરાજ ઉર્ફે જીલો ખીમરાજ ગઢવી પકડાઈ ગયો હતો. તેની સામે માંડવી પોલીસમાં ગુનો દાખલ કરાયો છે.

# પહેલા પાનાથી...

### હિબકે ચડ્યું

હતી અને દુઃખની આ ઘડીમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, મેયર ભરતભાઈ બારડ, ધારાસભ્યો જીતુભાઈ વાઘાણી, સેજલબેન પંડ્યા, ભીખાભાઈ બારૈયા, ગૌતમભાઈ ચૌહાણ, જિલ્લા કલેક્ટર ડૉ. મનોજકુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી અને રેન્જ આઇ.જી. ગૌતમ પરમાર સહિત અનેક અગ્રણીઓએ પણ મૃતક પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને પરિવાર સાથે દુઃખ વ્યક્ત કર્યું હતું.

### પ્રવાસીઓથી ગુંજતું

સુમસામ બની ગયા છે.કાશ્મીરમાં જ રહેલા પ્રવાસીઓએ પરત આવવાનું શરૂ કરી જ દીધુ છે. બીજી તરફ આવનારા દિવસોમાં પ્રવાસન બુકીંગ કરાવનારાઓના બુકીંગ પણ ધડાધડ રદ થવા લાગ્યા છે. એક જ દિવસમાં કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ભાંગી પડવાના આરે આવી ગયો છે.હુમલાના ૩૦ કલાકમાં જ અંદાજીત ૧૫૦૦૦ થી વધુ પ્રવાસીઓ વિમાન માર્ગે પરત ગયા છે. ૫૦ જેટલી ફલાઈટોએ ઉડાન ભરી હતી. રેલવે તથા માર્ગ પરિવહન મારફત પણ પણ સેંકડો પ્રવાસીઓ પરત ફરી ગયા છે. સરકારી તથા હોટેલ વ્યવસાયીઓ ટુર ઓપરેટરોએ કહ્યું કે માત્ર પહેલગામ જ નહિં, શ્રીનગર-ગુલમર્ગ-સોનમર્ગ જેવા રાજયનાં અન્ય સ્થળોમાંથી પણ પ્રવાસીઓની વાપસી થઈ છે.ઓનલાઈન ટુર ઓપરેટર કંપની કલીયર ટ્રીપનાં અધિકારી મંજરી સિંઘલે કહ્યું કે શ્રીનગર ફલાઈટ કેન્સલેશનમાં સાત ગણો વધારો જોવાયો છે અને હજુ વધુ કેન્સલેશન આવી શકે છે.

### ટ્રમ્પ યુક્રેનના

મુકાઈ હતી. યુદ્ધવિરામની મંત્રણાના પ્રયાસોમાં કોઈ પ્રગતિ નહીં જણાતાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ તથા યુક્રેનના પ્રતિનિધિઓ વચ્ચે યોજાનારી આ બેઠક રદ કરાઈ હતી. બ્રિટનના વિદેશ મંત્રી ડેવિડ લેમીએ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, બુધવારની આ બેઠકમાં માત્ર પ્રાથમિક સ્તરના અધિકારીઓ હાજર રહેશે. ટ્રમ્પે ટનારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રશિયા સાથેની શાંતિ મંત્રણામાં આ નિવેદન અત્યંત નુકસાનકારક છે. રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાના શાસનકાળ દરમિયાન વર્ષો અગાઉ યુક્રેને ક્રિમીયા ગુમાવી દીધું હતું અને હાલમાં તે ચર્ચાનો કોઈ મુદ્દો જ નથી. ક્રિમીયાને રશિયન પ્રદેશ તરીકે માન્યતા આપવા ઝેલેન્સ્કીને કોઈ નથી કહેતું, પરંતુ જો તેમને ક્રિમીયા જોઈતું હતું તો ૧૧ વર્ષ અગાઉ જ્યારે એક પણ ગોળી ચલાવ્યાં વિના તેને રશિયાને સોંપી દેવાયું ત્યારે તેમણે તેના માટે કેમ લડત નહોતી આપી.

# આદિપુરમાં જુગાર રમતા પાંચ ખેલી પકડાયા

ગાંધીધામ : આદિપુરના નવવાડી વિસ્તારમાં જુગાર રમતા પાંચ ખેલી પકડાયા હતા. જેમાં સુરેશભાઈ રિજુમલ સતલાણી, પ્રદીપ જેઠાનંદ મોહિનાણી, હરેશ ઉર્ફે કાલુ પ્રેમચંદ મોહિનાણી, ગુરુમુખદાસ વિરૂમલદાસ સતવાણી, રાજુભાઈ લિલાધર ભાવસારનો સમાવેશ થાય છે. ખેલીઓ પાસેથી રોકડા રૂા.૨૭,૨૭૦ કબજે કરવામાં આવ્યા છે.

### હાઈવે પર તંત્ર દ્વારા પાકા દબાણો તોડી પડાયા



માંડવી ભુજ હાઈવે પર ગેરકાયદેસર દબાણમાં આવેલા પાકા બાંધકામો પર તંત્રનો બુલડોઝર ફરી વળ્યો છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે માંડવી ભુજ હાઈવે પર આવેલા પાકા દબાણો દૂર કરાઈ રહ્યા છે. માહિતી બુધવારે બપોરે એક કલાકે પ્રાપ્ત થયેલ છે.

# સરકારના હિન્દુત્વ પ્રત્યેના ઝુકાવને કારણે જ ઘટના બની: રોબર્ટ વાડ્રા

નવી દિલ્હી : કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીના પતિ અને બિઝનેસમેન રોબર્ટ વાડ્રાએ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. રોબર્ટ વાડ્રાએ કહ્યું કે, દેશમાં હિન્દુ-મુસ્લિમ થઈ રહ્યું છે, જેના કારણે મુસ્લિમો અસ્વસ્થતા અનુભવી રહ્યા છે અને તેથી જ આતંકવાદીઓ તેમની ઓળખ પૂછીને લોકોની હત્યા કરી રહ્યા છે. જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ તેમનો પોતાનો વિચાર છે. કોંગ્રેસ કે તેમના પરિવારનો આમાં કોઈ સંબંધ નથી.વાડ્રાએ વધુમાં ઉમેર્યું હતું કે, આપણા દેશમાં સાંપ્રદાયિક વિસંગતતા કેમ છે? આનાથી વિભાજન થશે. આનાથી આ પ્રકારના સંગઠનોને એવું લાગશે કે હિન્દુઓ બધા મુસ્લિમો માટે સમસ્યા ઉભી કરી રહ્યા છે. આપણને તેની જરૂર નથી. હિન્દુઓ અને મુસ્લિમો એકબીજાને મદદ કરે છે. કોવિડમાં, અમે જોયું કે તેઓએ એકબીજાને મદદ કરી. તેઓ ચૂંટણી જીતવા માટે અવ્યવસ્થા ફેલાવવાના આ બધા રાજકીય રસ્તાઓ સમજી શકતા નથી. આતંકવાદીઓને વખોડવાને બદલે તેમને કવર કરવા બદલ ભાજપે રોબર્ટ વાડ્રાની આકરી ટીકા કરી છે.

# લર્નર્સ એકેડેમી ઈંગ્લીશ સ્કૂલ (આદિપુર) ખાતે સર્વાઈકલ કેન્સર વેક્સીન અપાઇ











ગાંધીધામ : લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલ, ઈનર વ્હીલ ક્લબ ઓફ ગાંધીધામ અને રોટરી ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા સર્વાઈકલ કેન્સર વેક્સીનનું આયોજન કરવામાં આવ્યું હતું .

તારીખ ૧૭ /૦૪/૨૦૨૫ ગુરુવારના રોજ લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલમાં સર્વાઈકલ કેન્સર વેક્સીનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આકાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી .આ કાર્યક્રમના મુખ્ય મહેમાન રોટરી ક્લબ ઓફ ગાંધીધામનાં પ્રમુખ ડૉ. જાગૃતિ ઠક્કર, રોટરી ક્લબ ઓફ ગાંધીધામનાં સચિવ પૂર્વેશ રાવલ, નિલેશજી, ઈનર વ્હીલ ક્લબ ઓફ ગાંધીધામનાં ભૂતપૂર્વ પ્રમુખ વર્ષા મડિયાર, લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલના ટ્રસ્ટી કે. એલ. ભાવનાની, સ્કૂલના પ્રિન્સિપલ હિતેશ રામદાસાણી અને યેશા રામદાસાણી, એકલવ્ય સ્કૂલના પ્રિન્સિપલ માલતીબેન, કીડાણા કન્યા પ્રાથમિક શાળાના પ્રિન્સિપલ દિલીપ પટેલ સર વગેરેએ પોતાનો બહુમૂલ્ય સમય ફાળવી હાજરી આપી અને આ કાર્યક્રમની શોભા વધારી હતી. તેમજ ઈનર વ્હીલ ક્લબ ઓફ ગાંધીધામ અને રોટરી ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા પધારેલા તમામ મહેમાનોને મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ ઈનર વ્હીલ ક્લબ ઓફ ગાંધીધામનાં પ્રમુખ નીલમ તીર્થાનીનો વિચાર હતો કે સર્વાઈકલ કેન્સરની રસીકરણનું આયોજન કરી અને લોકોમાં જાગૃતિ લાવવી જોઈએ.

સર્વાઈકલ કેન્સર, જે આજકાલ એક સામાન્ય રોગ બની રહ્યો છે. સર્વાઈકલ કેન્સર અને તેના રસીકરણ વિશે જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સર્વાઈકલ કેન્સર રસી, જેને HPV રસી તરીકે પણ ઓળખવામાં આવે છે, સર્વાઈકલ કેન્સર અને અન્ય HPV સંબંધિત કેન્સરને રોકવા માટે મહત્વપૂર્ણ છે. તે HPV ના સૌથી સામાન્ય ઉચ્ચ-જોખમી જાતો, ખાસ કરીને HPV-૧૬ અને HPV-૧૮ સામે રક્ષણ આપીને કાર્ય કરે છે, જે મોટાભાગના સર્વાઈકલ કેન્સરનું કારણ બને છે.

આ એક ખૂબ જ સરસ વિચાર છે જે ઈનરવ્હીલ ક્લબ ઓફ ગાંધીધામ અને રોટરી ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા નાની ઉંમરે જ નાની છોકરીઓને સર્વાઈકલ કેન્સર થતું અટકાવવા માટે રસી આપવામાં આવી હતી. ડૉ. જાગૃતિ ઠક્કર, ડૉ. નીતિન ઠક્કરને અને પૂર્વેશ રાવલ એ સર્વાઈકલ કેન્સર વિશે થોડી માહિતી આપી હતી. અને જણાવ્યું હતું કે "ગર્ભાશયનું કેન્સર એ વિશ્વભરમાં સ્ત્રીઓને અસર કરતા સૌથી સામાન્ય કેન્સરમાંનું એક છે. જો કે, તબીબી વિજ્ઞાનની પ્રગતિ સાથે, હવે આપણી પાસે રસીઓ છે જે આ રોગને રોકવામાં મદદ કરી શકે છે. સર્વાઈકલ કેન્સર, તેના જોખમો અને રસીકરણના ફાયદાઓ પર મૂલ્યવાન સમજ શેર કરી હતી.આ સર્વાઈકલ કેન્સર મેળામાં લર્નર્સ એકેડમી ઈંગ્લિશ સ્કૂલ, કીડાણા કન્યા વિદ્યાલય અને એકલવ્ય સ્કૂલની ૧૦૦ થી પણ વધારે વિદ્યાર્થિનીઓ એ વેક્સીન અપાવડાવી હતી. આ સાથે આ પ્રોગ્રામનું સમાપન વિધિ શાળાના આચાર્ય શ્રીમતી યેશા રામદાસાણી એ કરી હતી. પધારેલા મહેમાન સાથે શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીનીઓ નો આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે કહ્યું હતું કે "આ સર્વાઈકલ રસીકરણ મેળામાં ભાગ લેવા બદલ આભાર. સૌ સાથે મળીને, ચાલો જાગૃતિ ફેલાવીએ અને સ્વસ્થ ભવિષ્ય તરફ પગલાં લઈએ.ચાલો રસીકરણ કરાવીને અને માહિતગાર કરીને પોતાને અને આપણા પ્રિયજનોને સશક્ત બનાવીએ. સંપૂર્ણ કાર્યક્રમ શાળાના આચાર્ય હિતેશ રામદાસાણી અને યેશા રામદાસાણીના નેતૃત્વ તેમજ માર્ગદર્શન હેઠળ સફળ બનાવ્યો હતો.

## જમ્મુ-કાશ્મીરના પહેલગામના આતંકી હુમલાની કઠોર નિંદા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રોષ વ્યક્ત કરાયો

### નિર્દોષ પ્રવાસીઓને શ્રધ્ધાંજલિ સાથે વિશ્વાસ જાળવી રાખવા ભાવુક અપીલ કરાઇ

ગાંધીધામ : જમ્મુ-કાશ્મીરના શાંત અને રમણીય વિસ્તારોમાં આવેલા પહેલગામ ખાતે થયેલી આતંકી હરકત કે જેમાં, દેશના ૨૬ જેટલા નિર્દોષ નાગરિકોએ જાન ગુમાવી અને અનેક ઘાયલ થયા તે સમગ્ર દેશ માટે દુ:ખદ અને આક્રોશજનક ઘટના છે. ત્યારે, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તરફથી આઅમાનવિય અને નાપાક હુમલાની ગંભીર નિંદા કરવામાં આવે છે. સાથે મૃતકો પ્રત્યે ઊંડો શોક અનેઘાયલોની ઝડપી આરોગ્ય સેવા સાથે સ્વસ્થતા પ્રાપ્ત કરે તેવી હાર્દિક કામનાઓ પાઠવવામાં આવીહતી.

ગાંધીધામ ચેમ્બર પ્રમુખ મહેશ પુજે, પોતાની ભાવુક ટિપ્પણીમાં જણાવ્યું હતું કે, "દેશના વડાપ્રધાનશ્રીના સક્ષમ નેતૃત્વમાં, ગૃહપ્રધાન તથા સંરક્ષણ પ્રધાનના મજબૂત કાર્યોથી અને, આપણા શૂરવીર સૈનિકોના અવિરત પ્રયાસોથી જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક સમયથી શાંતિ અને સ્થિરતા સ્થપાઈ હતી. જેના પરિણામે દેશના વિવિધ ખૂણાઓમાંથી પ્રવાસીઓ ત્યાં આવી રહ્યાં હતા, જે ભારતની ઈકોનોમી અને જીડીપી ગ્રોથ માટે હિતાવહ હતું. પણ આવી ઘટના માત્ર માનવતા માટે જ નહીં પરંતુ દેશની એકતાને પડકાર છે." તેમ જણાવેલ. સાથે આ દુખદ ઘટના માંઅથી દેશ જલ્દીથી બહાર આવી, સુરક્ષાઅને વધુ મજબૂત બનાવશે તેમ ઉમેરી નાગરિકોને વિશ્વાસનું વાતાવરણ કાયમ જાળવી રાખવા અપીલ કરાઈ હતી. આ સાથે ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિથાણીયે પણ એક જાહેર નિવેદનમાં કહ્યું હતું કે, "આવાં સમયગાળામાં દેશના નાગરિકોએ સરકાર અને સુરક્ષા દળો ઉપર પૂર્વવત્ વિશ્વાસ જાળવી રાખવો જોઈએ. આપણી સહભાગી ભૂમિકા એ દેશના દુશ્મનો સામે એક સંકલ્પ ૩પ સાબિત થવી જોઈએ. આપણે ભયને જીતવો છે, પાછા પાડવા માટે નહિ." તેવું વિશ્વાસપૂર્વક જણાવેલ. એક જાહેર નિવેદનમાં ગાંધીધામ ચેમ્બરે સભ્યો દ્વારા નિર્દોષ મૃતકો પ્રત્યે શ્રધ્ધાસુમાં અર્પણ કરી મૌન પાડી અપિલ કરેલ કે, દેશના તમામ નાગરિકો પણ નિર્દોષ મૃતકો માટે બે મિનિટનું મૌન પાળે, તેમનાં પરિવારજનો માટે પ્રાર્થના કરે અને, ઘાયલોની સારવાર માટે સરકાર અને સેવાકીય સંસ્થાઓને યથાયોગ્ય સહકાર આપે.આ દુ:ખદ ઘટનાના પ્રત્યે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ સમગ્ર વ્યાપાર-ઉધોગ જગત તરફથી વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પિત કરે છે અને દેશના સહુ નાગરિકોને શાંતિ, સહાનુભૂતિ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાથી ભરપૂર પ્રતિસાદ આપવાની અપીલ કરે છે. તેવું એક અખબારી યાદીમાં ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 1 | 9 | 6 | | | | |
| | 5 | 9 | 8 | | | | 4 | |
| | 2 | | | | 1 | | | |
| | 4 | | | | | 5 | | 1 |
| | 8 | 3 | | | | 2 | 6 | |
| 7 | | 5 | | | | | 3 | |
| | | | 1 | | | | 8 | |
| | 9 | | | | 4 | 6 | 5 | |
| | | | | 2 | 7 | 9 | | 4 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 1 | 4 | 6 | 8 | 2 | 5 | 9 |
| 8 | 9 | 4 | 2 | 3 | 5 | 6 | 1 | 7 |
| 6 | 5 | 2 | 9 | 7 | 1 | 4 | 3 | 8 |
| 9 | 8 | 5 | 7 | 1 | 4 | 3 | 2 | 6 |
| 1 | 3 | 7 | 5 | 2 | 6 | 9 | 8 | 4 |
| 4 | 2 | 6 | 3 | 8 | 9 | 1 | 7 | 5 |
| 7 | 6 | 8 | 1 | 4 | 2 | 5 | 9 | 3 |
| 2 | 4 | 9 | 8 | 5 | 3 | 7 | 6 | 1 |
| 5 | 1 | 3 | 6 | 9 | 7 | 8 | 4 | 2 |

## કચ્છ કચ્છનોંધ

**અંધજન મંડળ કે.સી.આર.સી. ભુજ**

● ભુજ : અંધજન મંડળ કે.સી.આર.સી. ભુજ દ્વારા સંચાલિત નલીયા ખાતે યોગેશ્વરનગર, ભાનુશાલી હોસ્પિટલની પાછળ ચાલતી આંખની હોસ્પિટલમાં મોતિયો, વેલ, જામર અને આંખના તમામ રોગોની તપાસ અને સારવાર તથા આંખના નંબરની તપાસ આધુનિક મશીનો દ્વારા તદન નિ:શુલ્ક કરી આપવામાં આવે છે તો સોમથી શુક્ર સવારે ૯ થી ૫ દરમ્યાન અબડાસા તાલુકાના કોઈપણ આંખના દર્દીઓ તપાસ ફ્રીમાં કરાવી અશકાશે અને ઓપરેશન લાયક દર્દીઓને ઓપરેશન દર શનિ, રવિ કચ્છની સૌથી મોટી અને આધુનિક આંખની હોસ્પિટલમાં સંસ્થા ખાતે ભુજમાં કરવામાં આવશે. આ સાથે ફીઝીયોથેરાપી સેન્ટર અને દિવ્યાંગ બાળકોને તાલીમ અને શિક્ષણની નલીયામાં આ પ્રકારની સેવાનો અભાવ હોવાથી સંસ્થા દ્વારા આ સગવડ શરૂ કરેલ છે. તો વધુમાં વધુ લોકોન લાભ લેવા અનુરોધ છે.

**હિન્દી કેન્દ્રનું હિન્દી પરીક્ષાનું પરિણામ**

● સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ રાજકોટ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૫ માં લેવાયેલી ભૂજ કેન્દ્રની હિન્દીની બાળપોથી, પહલી, દુસરી અને તીસરી પરીક્ષાનાનું પરિણામ તારીખ ૨૪-૪ના સાંજે ૬.૩૦ કલાકે સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે જાહેર થશે એવું સંચાલક વિભાકરભાઈ અંતાણીએ જણાવ્યું હતું.

**ભુજ સમર્થ ભારત કેન્દ્ર**

● વિદ્યાભારતી પ્રેરિત અને કચ્છ કલ્યાણ સંઘ, ભુજ દ્વારા સંચાલિત સમર્થ ભારત પ્રવૃત્તિ અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા નિયમિત આવતી તથા નવી જોડાવા ઈચ્છતી સગર્ભા માતાઓ માટે તા.૨૪-૪ને ગુરૂવારે સાંજે ૫ થી ૬.૩૦ પ્રવૃત્તિ વર્ગ રહેશે. સ્થાન : શ્રી એંકરવાલા સરસ્વતી શિશુવાટિકા, સંતોષી માતાના મંદિર પાસે, ભુજ રહેશે. વધુ માહિતી માટે માધવીબેન તથા પ્રજ્ઞાબેનનો સંપર્ક કરવો.

**વૃક્ષ મિત્ર સંગીત સભા**

● તા.૨૬/૪ને શનિવાર સાંજે ૬ થી ૧૦ સંગીત રસિકજનો માટે સંગીત સભા ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી વૃક્ષ મિત્ર ગાર્ડન, પ્રમુખસ્વામી સર્કલ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય પાસે, મુન્દ્રા રિલોકેશન, ભુજ ખાતે.

**કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર**

● કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રના આદ્ય સ્થાપક ચંદ્ર જ્યોતિ બા શુક્લાની ૩૩ મી પુણ્યતિથિ નિમિત્તે સંસ્થામાં તા. ૨૬-૪ના સવારે ૧૦ કલાકે તેમને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રાખેલ છે જેમાં તેમની પ્રતિમાને હારારોપણ , તેમજ ત્યારબાદ આર્ય સમાજ હવન અને સંસ્થાની દીકરી જમાઈ ઓને પ્રસાદીરૂપે સંસ્થા તરફથી આપવામાં આવશે. ત્યારબાદ ૧૨:૩૦ ભોજન સમારંભ રાખેલ છે. ભોજન સમારંભના દાતા ગ.સ્વ. પ્રેમીલાબેન અજીતભાઈ બજરીયા મુંબઈ તરફથી રાખવામાં આવેલ છે.

# પહેલગામની માનવતાવૃતી ઘટના ફરી કયારે ન બને

## ગાંધીધામમાં શહેર-કોંગ્રેસ મહિલા પરીવાર દ્વારા પહેલગામના સદગતોને અપાઈ અંજલી




ગાંધીધામ : જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા ભયાનક આતંકી હુમલામાં શહીદ થયેલા નિર્દોષ લોકોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે ગાંધીધામ શહેર મહિલા કોંગ્રેસ પરિવાર દ્વારા શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીધામ શહેર કોંગ્રેસ પરિવારના આગેવાનો, કાર્યકર્તાઓ તથા શહેરના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સૌએ મળીને મૌન પાળીને અને મીણબત્તી પ્રગટાવી શહીદોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી. કાર્યક્રમ દરમિયાન એવી એકજૂટતા સાથે સંવેદના વ્યક્ત કરવામાં આવી કે આવી હૃદયદ્રાવક અને માનવતાના વિરોધમાં થયેલી ઘટનાઓ ફરી ક્યારેય ન બને, તે માટે સરકારએ તાત્કાલિક અને અસરકારક પગલાં લેવા જોઈએ.

ગાંધીધામ શહેર કોંગ્રેસ પરિવાર તરફથી લોકોમાં દેશભક્તિ અને શાંતિના સંદેશનો પ્રસાર કરવામાં આવ્યો અને દેશના સુરક્ષિત ભવિષ્ય માટે સૌને એક મંચે આવી થનારી દરેક આતંકી પ્રવૃત્તિનો ઘાતક વિરોધ કરવાની અપીલ કરવામાં આવી.






પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના સદગતોને ગાંધીધામ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ દ્વારા પણ અંજલી અપાઈ હતી.



કાશ્મીર પહેલગામમાં માનવતાને શર્મસાર કરે એવા આતંકી હુમલા ના વિરોધમાં ગતરોજ ગાંધીધામના ગાંધી માર્કેટ ખાતે સાંજના ૬:૩૦ વાગે આતંકવાદી ના પૂતલા દહન અને મૃત્યુ પામનારા સર્વ દિવ્ય આત્મા ઓને શ્રદ્ધાંજલિ નું આયોજન કરેલું હતુ જેમાં સર્વ સનાતન હિન્દુ સમાજ અને સર્વ સનાતન હિન્દુ સંગઢન, સર્વ સંસ્થાઓ, સનાતન શ્રીરામ સંગઠન સહિતનાઓના સભ્યો હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

**સુખપર (તા. ભચાઉ) :** કિરીટસિંહ જાડેજા (ઉ.વ. ૬૦) તે સ્વ. નટુભા મહોબતસિંહના પુત્ર, સ્વ. ગુમાનસિંહ નટુભા, મહાવીરસિંહ મહિપતસિંહ, કિશોરસિંહ મહિપતસિંહના મોટા ભાઇ, રવિરાજસિંહના મોટાબાપા તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા તા. ૨૫-૪ના ગુરૂવારે નિવાસસ્થાને.

**માધાપર (તા. ભુજ) :** મૂળ મનફરાના હરિલાલ નરશીરામ રામાણી (ઠક્કર) (ઉ.વ. ૬૫) તે સ્વ. મણિબેન નરશીરામ રામાણીના પુત્ર, ભગવતીબેનના પતિ, સ્વ. નિર્મળાબેન અમૃતલાલ ઠક્કરના દિયર, અમૃતલાલ રામાણી, હીરાબેન ચુનીલાલ ઠક્કર (રાપર), સ્વ. જયાબેન ભાણજીભાઇ ઠક્કર (જંગી), સ્વ. કાન્તાબેન નાનજીભાઈ ઠક્કર (ભુજ)ના ભાઇ, દીપ્તિબેન પ્રતીકકુમાર ઠક્કર, એકતાબેન હાર્દિકકુમાર ઠક્કર (ગાંધીધામ), ભૂમિબેન હરિલાલ રામાણી, મયંક હરિલાલ રામાણીના પિતા, યુગ, દ્વિતિ, ધ્યાનીના નાના, અમીચંદ નાગજી કોટક (મૂળ આડેસર હાલે માધાપર)ના જમાઇ, સ્વ. કનુભાઇ અમીચંદ કોટક, રમણીકલાલ અમીચંદ કોટક, કાન્તાબેન ભચુલાલ ઠક્કર (રાપર), જયાબેન બચુલાલ ઠક્કર (રાધનપુર)ના બનેવી તા. ૨૦-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૪-૨૦૨૫ના સાંજે ૫થી ૬ યક્ષ મંદિર, માધાપર ખાતે.

**દુજાપર (તા. માંડવી)** : હાલે બોરીવલી (મુંબઈ) કુંવરબેન લખમશી ધોળુ (ઉ.વ. ૮૦) તે સ્વ. લખમશી દેવજી ધોળુના પત્ની, મણિલાલભાઈ, શાંતિલાલભાઈ, રાજેશભાઈ, રસીલાબેન પ્રભુલાલ માવાણી (ખીરસરા), સાવિત્રીબેન પ્રકાશ ઉકાણી (દરશડી)ના માતા તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૨૫-૪ના સવારે ૮થી ૧૧ સમાજવાડી, દુજાપર ખાતે.

**માંડવી :** મૂળ અંજારના ગં.સ્વ. લક્ષ્મીબેન ધનગિરિ ગોસ્વામી (ઉ.વ. ૯૩) તે સ્વ. નર્મદાબેન લઘુગિરિના પુત્રવધૂ, મોરારનાથ સેવાનાથના પુત્રી, સ્વ. ધનગિરિ લઘુગિરિના પત્ની, સ્વ. મહેશગિરિ, અશોકગિરિ, સુરેશગિરિ, રવિનાબેન, દમયંતીબેન, લતાબેનના માતા, જસુબેન, જ્યોતિબેન, મંજુલાબેન, સુરેશગિરિ, અરવિંદગિરિ, જીતુભાઈના સાસુ, મિતેષ, નિખિલ, સીમા, મનીષા, આશા, કાજલ, જિજ્ઞા, આરતી, ખુશાલ, હિરેનના દાદી, જાનકી, પૂજા, નૈના, છાયા, ફોરમ, હાર્દિકના નાની તા. ૨૧-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૪-૨૦૨૫ના સાંજે ૪થી ૫ દશનામ અખાડા, માંડવી ખાતે. શંખઢોળ તા. ૩-૫-૨૦૨૫ના.

**માંડવી :** કીર્તિકુમાર બાબુલાલ ગોહિલ (ગાંછા) (ઉ.વ. ૬૯) તે સ્વ. રેણુકાબેનના પતિ, રિશી (રાજા માંડવી ડિશ), શીતલના પિતા, દીપ્તિબેન, મેહુલના સસરા, બેલાબેનના મોટા સસરા, સ્વ. દમયંતીબેન બાબુલાલ ગાંછા (આંખના ડોક્ટર)ના પુત્ર, સ્વ. રંજનબેન, દીપક ગોહિલ (ભાજપ અગ્રણી), મુકેશ (નગરપાલિકા), અસ્મિતા સંજય મહેતા (પૂનમ બ્યૂટીપાર્લર)ના ભાઈ, ધવલ (સિવિલ હોસ્પિટલ), નિશા (નર્સિંગ ટીચર), નિકુંજ, બ્રિજેશ, નેહા, રિદ્ધિ, ફોરમના મોટાબાપા, પૂનમ, ઝરણાના મામા, ધ્રુવના દાદા, રાજના મોટા દાદા, યશ, શિવાંગીના નાના, સ્વ. રવિલાલ બચુભાઈના ભત્રીજા, સ્વ. પ્રથમેસ, સુનીલના કાકાઇ ભાઇ, જયશ્રીબેન, મીનાબેન, સોનલબેનના જેઠ તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૪ના ગુરૂવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ બહુચરાજી માતાજીની વાડી, જૈન ધર્મશાળા પાસે, માંડવી ખાતે. (ચક્ષુદાન કર્યું છે)

**મસ્કા (તા. માંડવી) :** મણિબેન (ઉ.વ. ૮૪) તે સ્વ. કાનજી વેલજી મોતાના પત્ની, ગં.સ્વ. લક્ષ્મીબેન મોહનલાલ વ્યાસ (નાલાસોપારા), ઉર્મિલાબેન ભરતભાઈ માકાણી (મુંદરા), રસીલાબેન વિનોદભાઈ ઉગાણી (દયાપર), પુષ્પાબેન પ્રદીપભાઈ નાકર (ભોજાય), નારાણભાઈ, કમલેશભાઈના માતા, રમીલાબેન અને દીનાબેનના સાસુ, તેજસ, તૃપ્તિ, માનસી, પ્રિન્સના દાદી, અક્ષીતાબેન અને મિતભાઈ (ભુજ)ના દાદી સાસુ, હેતાંશના પરદાદી, સ્વ. સાકરબાઈ ખીમજી માકાણી (ભુજ), સ્વ. જવેરબાઈ ગોપાલજી માકાણી (મસ્કા), ગં.સ્વ. પ્રભાબેન મણિશંકર વ્યાસ (ગુંદિયાળી), ગં.સ્વ. મણિબાઈ કરસનજી નાકર (બાગ), ગં.સ્વ. જશુબેન બાબુલાલ નાગુ (બાગ), ગં.સ્વ. મોંઘીબાઈ નારાણજી નાથાણી (મસ્કા), ગં.સ્વ. રમીલાબેન રામજીભાઈ નાગુ (મુંબઈ), સ્વ. મોહનલાલ વેલજી મોતા, મંગલદાસ વેલજી મોતાના ભાભી, મંજુલાબેન, ધનગૌરીબેનના જેઠાણી, શિવજી, જગદીશ, નીતિન, હિતેષ, વિજયાબેન, પુષ્પાબેન, લક્ષ્મીબેન, મીનાક્ષીબેન, વનિતાબેન, અરૂણાબેન, પ્રતિમાબેનના કાકી, વૈશાલીબેન, ડિમ્પલબેન, પૂનમબેન, પ્રિયેન, શીતલબેન, જિગર, ધર્મેશ, અમન, પ્રિયાબેન, અવિકાબેનના નાની, સ્વ. ભચીબાઈ દયારામ માકાણી (ભિટારા)ના પુત્રી, સ્વ. ગાવિંદજી (મુંબઈ), સ્વ. રેવાશંકર (મુંબઈ), સતિષભાઈ (માંડવી), સ્વ. રાધાબેન, જમનાબેન વેલજી નાકર (રેલડિયા મંજલ), ગં.સ્વ. મંગળાબેન વસંતલાલ મોતા (બાગ), ગં.સ્વ. જયાબેન મદનલાલ ભટ્ટ (મુંબઈ)ના બહેન, ગં.સ્વ. દેવકાબેન, ગં.સ્વ. ધનગૌરીબેન, હંસાબેનના નણંદ, સંગીતાબેન ચંદ્રકાંત (મુંબઈ), દિલીપભાઈ, મહેશભાઈ, કલ્પેશભાઈ, મીનાબેન વિનોદભાઈ (વાપી), હિનાબેન ચંદ્રકાંત (ભુજ), ચેતનભાઈ, રમેશભાઈ, સંજયભાઈ, મિત્તલબેન હાર્દિપભાઈ જોશી (માંડવી), ક્રિષ્નાબેન જિગરભાઈ નાકર (ભુજ), મનોજના ફઈ તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની સાદડી તા. ૨૪-૪ના સાંજે ૩થી ૫ નિવાસસ્થાન મસ્કા ખાતે.

**વાંકી (તા. મુંદરા) :** ભીમજીભાઈ ભીખાભાઈ મજેઠિયા (આહીર) (ઉ.વ. ૭૯) (નિવૃત્ત આચાર્ય, વાંકી પ્રાથમિક શાળા) તે નીતાબેનના પતિ, નીલેશ, રવિ, રાજેશ, અજયના પિતા, ખેતશીભાઈ, મોંઘીબેન નારાણભાઈ ઝરૂ (વાંકી), ગં.સ્વ. અજીબેન ધનાભાઈ મરંડ (ચાંદ્રોડા), સ્વ. કુંવરબેન પોચાભાઈ કુંભાણી (ચાંદ્રોડા)ના મોટા ભાઈ, ગાંગજીભાઈ ખીમજીભાઈના કાકાઈ ભાઈ તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૪-૪ના નિવાસસ્થાન વાસ ફળિયું, વાંકી ખાતે.

**ઘડુલી (તા. લખપત) :** લુહાર સલમાબાઈ આમદ (ઉ.વ. ૫૨) તે મ. આમદ ઈબ્રાહિમના પત્ની, ઈબ્રાહિમ, મુસ્તાકના માતા, લુહાર જુમા રમઝાનના પુત્રવધૂ, મામદ ઈબ્રાહીમના ભાભી, વલીમામદ મુસા, સબીર મામદના કાકી તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૫-૪ના શુક્રવારે સવારે ૧૦થી ૧૧ નિવાસસ્થાને.

## બજારભાવ

**ભુજ માર્કેટ યાર્ડ — ૧૦૦ કિલોના ભાવ**

| | |
|---|---|
| ગોવાર | ૪૭૦૦-૪૮૦૦ |
| તુવેર | ૬૧૦૦-૬૪૦૦ |

**ભુજ માર્કેટ યાર્ડ — ૪૦ કિલોના ભાવ**

| | |
|---|---|
| એરંડા | ૨૩૫૦-૨૪૧૦ |
| રાયડો | ૨૧૦૦-૨૧૫૨ |
| ઈશબગુલ | ૩૮૮૦-૪૯૫૧ |
| ધાણા | ૨૫૬૦-૨૭૨૦ |
| તલી જૂની | ૩૦૦૦-૩૨૦૦ |

**અંજાર માર્કેટ યાર્ડ — ૧૦૦ કિલોના ભાવ**

| | |
|---|---|
| વરિયાળી | ૭૫૦૦-૧૦૫૧૦ |
| અજમો | ૬૬૦૦-૮૬૦૦ |
| ઘઉં | ૨૫૭૫ |

**અંજાર માર્કેટ યાર્ડ — ૪૦ કિલોના ભાવ**

| | |
|---|---|
| એરંડા | ૨૩૨૫-૨૩૯૬ |
| જીરૂ | ૭૦૦૦-૮૮૮૦ |
| ઈશબગુલ | ૪૫૦૦-૫૦૦૧ |
| રાયડો | ૨૦૦૦-૨૧૧૧ |

**રાપર માર્કેટ યાર્ડ**

| | |
|---|---|
| એરંડા | ૧૧૭૭-૧૧૮૦ |
| જીરૂ | ૪૧૫૧-૪૨૪૪ |
| ગોવાર | ૯૩૨ |
| મગ | ૧૩૦૦ |

**ભચાઉ માર્કેટ યાર્ડ**

| | |
|---|---|
| ગોવાર | ૯૩૦-૯૪૫ |
| એરંડા | ૧૧૮૦-૧૨૧૧ |
| સાખજીરૂ | ૪૦૦૦-૪૫૧૧ |
| ઈશબગુલ | ૧૯૦૦-૨૪૬૧ |
| અજમો | ૧૩૦૦-૧૮૦૦ |
| રાયડો | ૧૦૫૦-૧૦૬૦ |

**ભુજ માર્કેટ યાર્ડ (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)**

| | |
|---|---|
| ડુંગળી | ૫-૧૩ |
| બટેટા | ૧૦-૧૭ |
| ટમેટા | ૪-૧૨ |
| લીલી ડુંગળી | ૩-૧૦ |
| મરચા | ૧૦-૩૫ |
| મરચી | ૧૦-૩૦ |
| રીંગણા કાળા | ૪-૧૨ |
| રીંગણા બાજરીયા | ૫-૧૨ |
| કોબી દેશી | ૪-૯ |
| કોબી | ૪-૧૦ |
| ફુલાવર | ૧૫-૨૦ |
| ફુલાવર દેશી | ૧૫-૨૫ |
| વટાણા | ૫૦-૭૦ |
| ધાણા | ૨૦-૩૦ |
| ભીંડા | ૧૦-૩૫ |
| કાકડી કાળી | ૧૦-૨૦ |
| કાકડી સફેદ | ૧૦-૨૦ |
| કાકડી ખીરા | ૨૦-૩૫ |
| પાલક | ૧૨-૨૦ |
| લસણ સુકું | ૫૦-૧૦૦ |
| લીંબુ | ૪૦-૧૨૦ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૫-૨૦ |
| દુધી | ૨-૧૨ |
| આદુ | ૩૦-૪૦ |
| કારેલા | ૧૫-૩૦ |
| શક્કરિયા | ૨૦-૪૫ |
| ચોળા ડોલર | ૩૦-૭૦ |
| ગીલોડા | ૨૦-૪૦ |
| મરચા સીમલા | ૩૦-૫૦ |
| ગોવાર દેશી | ૭૦-૧૦૦ |
| ગોવાર | ૪૦-૮૦ |
| પરવળ | ૩૦-૬૦ |
| સરગવો | ૧૦-૨૦ |
| ગેલકા | ૨૦-૩૫ |
| કોળુ | ૮-૧૨ |
| બીટ | ૫-૧૦ |

**ભુજ ફ્રુટ બજાર**

| | |
|---|---|
| કેળા કાચા | ૧૦-૨૦ |
| કેળા પાકા | ૨૦-૨૫ |
| પપૈયા કાચા | ૫-૧૦ |
| પપૈયા પાકા | ૧૦-૧૮ |
| જામફળ | ૧૦-૩૦ |
| ચીકુ | ૧૦-૩૦ |
| શક્કરટેટી | ૧૦-૨૫ |
| ફણસી | ૩૦-૫૦ |
| દાડમ | ૨૦-૮૦ |
| કલીંગર | ૫-૧૨ |
| કાચી કેરી | ૫-૩૦ |
| પાકી કેરી | ૪૦-૭૦ |

## રત્નકણિકા

**હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ તે પ્રગટ હોહિ મૈ જાના.- ગોસ્વામી તુલસીદાસજી**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ સુદ-૧૨ વટસાવિત્રી વ્રતારંભ, પ્રદોષ, ચંપક દ્વાદશી તા.૧ જૂન ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૧૧, ચિત્રા નક્ષત્ર, વરિયાન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૧

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** — પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.

**વૃષભ** — મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.

**મિથુન** — ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઇ જાય.

**કર્ક** — અગત્યના કાર્યોમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.

**સિંહ** — સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક મહત્વના પ્રશ્નોનો ઉકેલ મળે.

**કન્યા** — પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.

**તુલા** — પુરૂષાર્થ વધારવાથી કાર્ય સફળતા મળે. અકારણ ચિંતા રહે.

**વૃશ્ચિક** — વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.

**ધન** — પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.

**મકર** — સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.

**કુંભ** — આવક કરતા જાવક વિશેષ રહે. મનમાં મુંઝવણ અનુભવાય.

**મીન** — આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા મળે.

## તપાસનીશ પોલીસ તંત્ર ધ્યાને ન લે..!

# મુંદરા કથિત પત્રકાર ટોળકી ખંડણી કાંડ : વ્યાજના નાણા આ શખ્સો પાસે આવ્યા કયાંથી? શું પડદા પાછળ કોઈ ખાખી-ખાદીધારીની છે ભુમિકા..?

**થોકબંધ સ્ટેમ્પ પેપર આ ટોળકી પાસે આવ્યા કયાંથી? આ ગેંગ સામે વ્યાજવટાઉની રોજ-બરોજ નોધાઈ રહી છે બે-ચાર ફરીયાદ ત્યારે સવાલ અહી એ થાય છે કે, કેટલી મોટી રકમ વ્યાજમાં આ શખ્સો ફેરવતા હતા? તેમની પાસે આટલી મોટી રકમ વ્યાજ પર આપવા માટે અવી કયાંથી?**

**વ્યાજ પર ચક્રવૃદ્ધી વ્યાજ વસુલ્યા પછી પણ ભોગગ્રસ્તને દાદાગીરીપૂર્વક હેરાન-પરેશાન કરી અને તેના ખીસ્સામાં દીકરીના જન્મદીવસની કેક માટે બચેલા ૧૭૦ રૂપીયા પણ ઉસેડી લેનારા તત્વોને કોનો ટેકો છે? આટઆટલા કૌભાંડોને પોતાના બળે અંજામ આપી જાય તેવા તો આ ચીટર તત્વો દેખાતા નથી?**

ગાંધીધામ : કચ્છના મુંદરામાંથી થોડા સમય પહેલા જ પોલીસે કથિત પત્રકાર સહિતની ટોળકીના ચાર શખ્સોને દબોચી લઈ અને માહીતી માંગવાના નામે ખંડણી કરી અનેમકાન તથા કાર પચાવી લીધા હોવાના ગંભીર કીસ્સાનો પર્દાફાશ કરી દીધો છે. આ શખ્સોની તપાસમા તેમની સામે વ્યાજ વટાઉના પણ ગેરકાયદેસર ધંધામાં લોકોના લોહીચુસણાઓ કર્યા હોવાની ફરીયાદો પણ પોલીસ મથકે સતત સામે આવવા પામી રહી છે.

આ કેસમાં જે જે ફરીયાદો આવે છે તેની પોલીસ રાહે તપાસ કરવામાં આવી જ રહી છે પરંતુ અહી સમગ્ર કેસમાં એક મોટો સવાલ એવો પણ થવા પામી રહ્યો છે કે, આ બોગસ ઠગ ટોળકી વ્યાજનો ધંધો કરતા હતા તો તેમની પાસે વ્યાજે રકમ ફેરવવા માટે આવતી કયાંથી હતી? જે રીતે ફરીયાદો થવા પામી છે તે જોતા તો વ્યાજે નાણા ધીરતાહશે તેની રકમનો આંક પણ ઘણો મોટો જ હોવો જોઈએ. આ તો હજુ હિંમત કરીને બહાર આવેલી ફરીયાદો છે, આ ઠગભગત ટોળકીની સામે હજુ જે બહાર આવવા નહીમાંગતા હોય તેવાભોગગ્રસ્તો અને તેમને આપેલી રકમ તથા તેમનાથી પાછી મેળવેલી દાદાગીરીપૂર્વકની રકમોનો આંક કયાં હશે?

સાથસાથ જ આ કેસમાં પ્રશ્ન મોટો એક એ પણ થવા પામી રહ્યો છે કે, ૧૯૪૭થી ૨૦૨૫ સુધીના સ્ટેમ્પ પેપર આ ટોળકી પાસે મળી આવવા પામ્યા છે. તો આટલા બધા સ્ટેમ્પર પેપર તમની પાસેથી આવ્યા કયાંથી? મકાન-કાર પચાવી લેનારી ટોળકીની ધરપકડ થયા બાદ વ્યાજના બેનામી ધંધામાં મુદત ચુકવાયા બાદ પણ દાદાગીરી કરવાની રોજ બરોજ એકાદ-બે ફરીયાદ આ ટોળકી સામે પોલીસ મથકે આવી રહી છે, ત્યારે સવાલ અહી એ થાય છે કે, કેટલી મોટી રકમ વ્યાજમાં આ શખ્સો ફેરવતા હતા? તેમની પાસે આટલી મોટી રકમ વ્યાજ પર આપવા માટે અવી કયાંથી?

વ્યાજ પર ચક્રવૃદ્ધી વ્યાજ વસુલ્યા પછી પણ ભોગગ્રસ્તને દાદાગીરીપૂર્વક હેરાન-પરેશાન કરી અને તેના ખીસ્સામાં દીકરીના જન્મદીવસની કેક માટે બચેલા ૧૭૦ રૂપીયા પણ ઉસેડી લેનારા તત્વોને કોનો ટેકો છે? આટઆટલા કૌભાંડોને પોતાના બળે અંજામ આપી જાય તેવા તો આ ચીટર તત્વો દેખાતા નથી? શું કોઈ ખાખીધારી કે પછી ખાદીધારી ટેકો તો નથી રહેલો ને? કચ્છમાં પાછલા અમુક સમયી ખાખીધારી વર્ગમાં વહીવટદારની ભુમિકાઓ જે ભજવતા હોય છે તેમની પાસે બેનામી રકમ ઘણી મોટી આવી જતી હોય છે અને તેઓ પણ વ્યાજ વટાઉના ધંધામાં પોતાની આ રકમ ફેરવવા ફોલ્ડરીયાઓને આપી દેતા હોય છે. તો આવા કોઈ ખાખીના વહીવટદારની રકમ તો આ ટોળકી પાસે ફરાવવા રાખેલી ન હતી ને? યા તો પછી કોઈ ખાદીધારીના તો ચાર હાથ કયાંક આવી ગેંગ પર નથી રહેલા ને..? મુંદરા સંકુલમાં આવી ચર્ચાઓ ટોક ઓફ ધી ટાઉન બનવાપામી ગયા છે.

## અમદાવાદના સલીમ સૈયદ સુધી તપાસ લંબાવો

# - તો ભુજ શેખપીર પાસેના નશાના કાળા કારોબાર કેસમાં થાય વધુ ખુલાસા

**પશ્ચીમ કચ્છ એસઓજીએ દબોચેલા બે શખ્સોના લ્યો વધુ પુછાણા : અમદાવાદથી આ પ્રથમ જ ખેપ હતી કે આ પહેલા પણ ડ્રગ્સ લાવી ચુકયા છે, આ શખ્સોડ્રગ્સનો વેપલો કરતા કોણે હતા? લઈ કયા જવાના હતા? કોને કચ્છમાં ડીલીવરી આપવાના હતા?**

**શેખપીર સુધી આ શખ્સો અમદાવાદથી ખીસ્સામં આવી પડીકીઓ નાખીને પહોચી આવ્યા તો આગળના પોલીસ મથકો, ચેકપોસ્ટો સહિતનાઓ કેમ ઉંઘતા જ રહી ગયા? : આવી કેટકેટલી અન્ય ખેપ ડ્રગ્સની કચ્છમાં નહી લાગતી હોય તેની શું ખાત્રી?**

ગાંધીધામ : ઉડતા પંજાબની જેમ ઉડતા કચ્છ બનાવવાની દીશામાં ડ્રગ્સ માફીયાઓ બેફામ બનેલા હોય તેવી રીતે જિલ્લાભરમાં વ્યાપક રીતે ડ્રગ્સનો જથ્થો છુટાછવાયા કેસો પોલીસતંત્રના હાથે ઝડપાઈ જવા પામતા હોય છે. એકતરફ પૂર્વ કચ્છ એસઓજી દ્વારા એક હોટેલમાથી શખ્સને દબોચી અને પાંચ લાખનો ડ્રગ્સનો જથો પકડી પાડયો હતો તેની તપાસ હજુ તો પૂર્ણ થવા પામી જ નથી ત્યાં તો પશ્ચીમ કચ્છ એસઓજીએ પણ નો ડ્રગ્સ ઈન કચ્છ કેમ્પેઈનને આગળ ધપાવતા હોય તેવી રીતે અહીથી પણ બે શખ્સોને દોઢ લાખના એમડી ડ્રગ્સના જથ્થાની સાથે પકડી લીધા છે. દરમ્યાન જઆ કેસની તપાસ રાબેતામુજબ જ આગળ ધપશે ત્યારે જાણકારો કહી રહ્યા છેકે, અહી શેખપીર પાસે એમડી ડ્રગ્સની સાથે બે શખ્સોને પણ દબોચી લેવામાં સફળતા મળી છે ત્યારે તેઓથી જો ધનિષ્ઠ પુછતાછ કરવામા આવશે તો આ કેસમાં વધુ કેટલાક સંદિગ્ધ ખુલાસા થવા પામી શકશે. આમ તો પોલીસે આ એમડી ડ્રગ્સનો જથ્થો યુવાધનને નશાના રવાડે ચડાવે તે પહેલા જ પકડી લીધો છે અને તે માટે એસઓજીની ટીમની કામગીરીને આવકારવી જ રહી પરંતુ આવા તત્વોની સાથે અન્ય આખીય કઈ કઈ સિન્ડીકેટ કામ કરી રહી છે એટલે કે આ એમડી ડ્રગ્સના નેટવર્કમાં કોણ કોણ સંડોવાયેલા છે તે સુધી તપાલ લંબાવી જોઈએ તે જ સમયનો તકાજો બની રહ્યો છે. આ શખ્સોએ એટલી કબુલાત તો આપી દીધી છે કે, અમદાવાદથી તેઓ આ એમડી ડ્રગ્સ લાવ્યા હતા, તેના ચુકવણા કેવી રીતે કર્યા એ પણ કહયુ છે, હવે સવાલ એ થાય છે કે, આ જથ્થો કચ્છમાં તેઓ આપવાના કોને હતા? આ એમડી ડ્રગ્સનો જથ્થો કચ્છમાં સપ્લાય કયા થવાનો હતો? ઉપરાંત આ શખ્સો પહેલી જ વખત અહી આ રીતે ડ્રગ્સ લાવ્યા હતા કે અગાઉ પણ તેઓએ ડ્રગ્સનો જથ્થો ઠાલવી દીધો છે? એમડી ડ્રગ્સનો જથ્થો કચ્છમાં વપરાય છે કેવા હેતુસર અને કયાં? આવા બધાયના નામો આ કેસમાં બહાર લાવવા જોઈએ તો અને તો જ ડ્રગ્સની આખેઆખી કાર્ટેલ તુટવા પામશે. જો આ બે શખ્સો માત્રથી જ અહી કેસ કર્યાનો સંતોષ માની લેવામા આવશે તો ફરીથી એમડી ડ્રગ્સના વપરાશકારો, માફીયાઓ, કોઈ નવા ફોલ્ડરીયાઓને શોધીને અહી ડ્રગ્સ ઠાલવવાના કીમીયાઓ અજમાવશે. આ તબક્કે સવાલ તો એ પણ થવા પામી રહ્યો છે કે, આ શખ્સો અમદાવાદથી ભુજ તરફ આવી રહ્યા હતા ત્યારે શેખપીર પાસે પકડાયા છે તો કચ્છમાં પ્રવેશી ગયા ત્યારથી લઈ અને આટલા બધા કીલોમીટર અંદર સુધી ડ્રગ્સ સાથે આ શખ્સો આવી ગયા તો આગળની ચેકપોસ્ટો, પોલીસ મથકો કેમ ઉંઘતા રહી ગયા?

## જિલ્લામાં પ્રિમોન્સુન કામગીરીનો ધમધમાટ

# કચ્છમાં ચોમાસા પૂર્વે તંત્ર દ્વારા 'પાણી પહેલા પાળ'ની કવાયત કેટલી નિવડશે કારગત ?

**ચોમાસાની સીઝન પૂર્વે વિવિધ સરકારી વિભાગો જોતરાયા કામગીરીમાં : શહેરી વિસ્તારોમાં પાણીના નાળા-વહેણની સફાઈ, ઝાડી કટીંગ જેવી કામગીરી શરૂ : દર વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લામાં કયાંક ખુદ પ્રિમોન્સુન પ્લાન જ પાણીમાં ગરકાવ નહીં થઈ જાય ને ? કચ્છવાસીઓને સતાવતો વેધક સવાલ**

ભુજ : આગામી ચોમાસાની સીઝનને ધ્યાને લઈ વિવિધ સરકારી વિભાગો પ્રિમોન્સુન કામગીરીમાં જોતરાઈ ગયા છે. જિલ્લા મથક ભુજ સહિત વિવિધ શહેરી વિસ્તારોમાં પાણીના નાળા-વહેણની સફાઈ, ઝાડી કટીંગ સહિતની કામગીરીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે, ત્યારે વહીવટી તંત્રની કામગીરી કેટલી કારગત નિવડશે તે તો સમય જ બતાવશે પરંતુ ભૂતકાળના અનુભવના આધારે પ્રબુદ્ધ વર્ગ એવી પણ ટકોર કરી રહ્યું છે કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લામાં કયાંક ખુદ પ્રિમોન્સુન પ્લાન જ પાણીમાં ગરકાવ નહીં થઈ જાય ને ?

આ અંગેની વિગતો મુજબ કચ્છમાં વર્ષાઋતુના પ્રારંભ પૂર્વે જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરાતા આગોતરા આયોજનમાં લોકોને ઓછામાં ઓછી પરેશાની ભોગવવી પડે તે માટે વિવિધ મુદ્દાઓ તૈયાર કરી ચોમાસા પૂર્વે કામગીરીનો પ્રારંભ કરવામાં આવતો હોય છે. જેમાં ખાસ કરીને ચોમાસામાં સંદેશા વ્યવહાર માટે બીએસએનએલ અને સબંધિતોને તમામ સરકારી કચેરીઓ અને કન્ટ્રોલરૂમના લેન્ડલાઈન ફોન, બચાવ સાધનોની વર્કીંગ કન્ડીશન, નીચાણવાળા વિસ્તારો, અસરગ્રસ્ત વિસ્તારોના લોકોની બચાવ કામગીરી, પુરરાહત બાબતના કન્ટ્રોલરૂમ, કાયદો વ્યવસ્થા, જિલ્લાના ૨૦ ડેમોની, નદીઓ કેનાલની સફાઈ, સ્થળાંતર માટેની તૈયારી, વરસાદી સ્થિતિમાં પીવાના પાણીની વ્યવસ્થા, કેનાલ પાઈપલાઈન, જર્જરીત રોડ રસ્તાઓ અને મકાનો બિલ્ડીંગની ચકાસણી, પાણી નિકાલ વ્યવસ્થા સબંધિતોને કરવા, નડતરરૂપ વૃક્ષો કાપવા, ઘાસ સાચવણી, રોગચાળો ન ફેલાય તેની તકેદારી બાબત, દરિયો તોફાની બને તેવા સંજોગોમાં કરવાની વ્યવસ્થા, વાહન વ્યવસ્થા જળવાય તે માટે આયોજન, પશુઓમાં રોગચાળા ન ફેલાય, આંગણવાડીની તકેદારી અંગે, નગરપાલિકાઓના ચીફ ઓફિસરોએ નહેરો, ગટરો, પાણીના ટેન્કરોની વ્યવસ્થા, પાણી નિકાલ વ્યવસ્થા સહિતનો સમાવેશ થાય છે. આ વર્ષે પણ જિલ્લાના જુદા જુદા વિભાગના અધિકારી - કર્મચારીઓ સબંધીત કામગીરીમાં જોતરાઈ ગયા છે. પરંતુ દર વર્ષની જેમ આ વર્ષે પણ કામગીરી માત્ર કાગળ પુરતી જ સીમીત ન રહી જાય તેવી ભીતિ પણ જાણકારો વ્યકત કરી રહ્યા છે. જિલ્લામાં દર વર્ષે ચોમાસા પૂર્વે એક્શન પ્લાનના આધારે વિવિધ વિભાગો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. ગામડાની તુલનાએ શહેરી વિસ્તારોમાં આ પ્રકારની કામગીરી વિશેષ અને મહત્વપૂર્ણ બની રહેતી હોય છે. નગરપાલિકાઓ દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીના બહાને લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોય છે પરંતુ પહેલા જ વરસાદમાં આ કામગીરીની પોલ પાધરી થઈ જતી હોય છે. બે - ત્રણ ઈંચ વરસાદમાં જ શહેરોના નીચાણવાળા વિસ્તારોમાં પુર સમાન સ્થિતિનું સર્જન થતું હોય છે. વરસાદી પાણીના વહેણ અને નાલાઓ પર રાજકીય ઓથ તળે જ દબાણો ખડકાઈ જતા હોઈ પાણી અવરોધાવાના લીધે ઘરોમાં ઘૂસી જતું હોઈ તંત્રના પાપે આમ પ્રજાને ભોગવવાનો વારો આવતો હોય છે. આવા અસરગ્રસ્તોને સ્થળાંતર થવાની ફરજ પડતી હોઈ ખાણી પીણી સહિતની સામગ્રી માટે પણ વલખા મારવા પડતા હોય છે. ગત વર્ષે થયેલા ભારે વરસાદ બાદ બંદરીય માંડવી શહેરમાં લોકોને સૌથી વધુ પરેશાની ભોગવવી પડી હતી. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં દિવસો સુધી જળભરાવની સ્થિતિ રહેતા રાહત બચાવ કામગીરીમાં પણ બાધા ઉત્પન્ન થઈ હતી.

આ ઉપરાંત ભારે વરસાદના કારણે રોડ, રસ્તાઓનું પણ ધોવાણ થઈ જતા આંતરીક વાહન વ્યવહાર દિવસો સુધી બાધીત રહ્યો હતો. ચોમાસાના દિવસો દરમ્યાન વીજ પુરવઠા સબંધીત ફરિયાદોનો ગ્રાફ પણ ઉંચકાયો હતો. તંત્ર દ્વારા દર વર્ષે પ્રિમોન્સુન કામગીરીના આમે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ ખરા ટાંકણે જ કામગીરીની પોકળતા છતી થઈ જતી હોય છે. દર વર્ષે આ જ સમસ્યામાંથી ચોમાસા દરમ્યાન નાગરીકો પસાર થતા હોય છે. આ વર્ષે વહેલા વરસાદની સાથોસાથ સારા ચોમાસાની આગાહી કરવામાં આવી હોઈ કચ્છમાં પણ સચરાચર વરસાદ પડે તેવી શક્યતા વ્યકત કરાઈ રહી છે ત્યારે પ્રિમોન્સુન પ્લાનની અમલવારી કાગળોના બદલે વાસ્તવિક થાય તે અત્યંત જરૂરી બન્યું છે. અન્યથા દર વર્ષની જેમ આ વર્ષે પણ લાખોના ખર્ચા છતા પ્રજાને ચોમાસા દરમ્યાન હાલાકી વચ્ચે જ દિવસો પસાર કરવાનો વારો આવશે તે વાત કડવી પણ સત્ય છે.

# અંજાર અને મેઘપર (કું)માંથી ૧.૭૦ લાખની ઘરફોડ ચોરી

**રાપરના કાનમેરના ખેતરમાંથી ઝટકા મશીન અને સોલાર પ્લેટ ચોરાઈ**

અંજાર : તાલુકાના મેકપર (કુંભારડી) અને અંજાર શહેરમાં ઘરફોડ ચોરીનો બનાવ સામે આવ્યો હતો.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ મેઘપર કુંભારડીમાં સંતકૃપા સોસાયટી ખાતે મકાન નં.૩૧ ને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. જેમાં ફરિયાદી મહેશભાઈ મનસુખલાલ વ્યાસના મકાનને તસ્કરોએ નિશાન બનાવી તાળુ તોડી અંદર તિજોરીમાંથી ૫૦ હજાર રોકડા અને ૫૭,૫૦૦ના દાગીનાની ચોરી કરી હતી. તો અંજારના લુણંગનગરમાં રહેતા મૂળ કંથકોટના સવિતાબેન ચનાભાઈ પરમારના ઘરેથી ચોરી થઈ હતી. કોઈ અજાણ્યા ઈસમે ઘરમાં તિજોરીમાં રહેલા રોકડા રૂા.૭ હજાર તથા ૪૫,૫૦૦ના સોના-ચાંદીના દાગીના મળી કુલ ૫૨,૫૦૦ની ચોરી થઈ હતી. જે બાબતે અંજાર પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. દરમિયાન રાપર તાલુકાના કાનમેર ગામની ઉગમણી સીમમાં ચોરી થઈ હતી. ફરિયાદી ધનજીભાઈ ખાનાભાઈ ભોપાના જણાવ્યા મુજબ સર્વે નં.૩૨૩/૨ ના ખેતરમાં લગાવેલ ઝટકા મશીન, બેટરી, સોલાર પ્લેટ મળી કુલ ૩૦ હજારની ચોરી થઈ હતી. જે અંગે ગાગોદર પોલીસમાં ગુનો દાખલ કરાયો છે. તો ભુજ તાલુકાના સરસપર ગામની વાડીમાં ફરિયાદી દામજીભાઈ નારાણભાઈ ખાસાના ટ્રેક્ટર નં.જીજે૧૨-એફડી-૦૬૮૯ મા ગોઠવેલ સાઉન્ડ સિસ્ટમ અને ટ્રેક્ટરનો સમાન મળી ૨૦ હજારની ચોરી થઈ હતી, જ્યારે સાઉથ વર્ધમાનનગરમાં રહેતા આનંદભાઈ વાસુદેવભાઈ પટેલે વર્ધમાનનગર પીજીએલ કંપની પાસે પાર્ક કરેલ જીજે૧૩-એસ-૫૨૯૪ નંબરની ૨૦ હજારની બાઈક ચોરાઈ જતા માધાપર પોલીસમાં ફરિયાદ થઈ હતી.

# મોડેલ સોલાર વિલેજ : કચ્છના ૨૯ ગામો વચ્ચે ૧ કરોડનું ઈનામ જીતવા સ્પર્ધા

**કેન્દ્ર સરકારે પીએમ સૂર્યઘર યોજનાને ગ્રામીણ ક્ષેત્રમાં લોકભોગ્ય બનાવવા અમલી બનાવી છે સ્પર્ધા : કચ્છ - સૌરાષ્ટ્રના ૨૪૪ ગામો વચ્ચે સૌથી વધુ સોલાર રૂફટોપ લગાવવા હરિફાઈ : જિલ્લામાં વિજેતા ગામને મળશે રૂા.૧ કરોડનું ઈનામ**

ભુજ : ગ્લોબલ વોર્મિંગસામે લડતના ભાગરૂપે અને પર્યાવરણની સુરક્ષા માટે સમગ્ર વિશ્વ પોલ્યુશન મુક્ત ગ્રીન એનર્જી ક્ષેત્રે આગળ વધી રહ્યું છે. સરહદી કચ્છ જિલ્લો ગ્રીન એનર્જીના ઉત્પાદન માટે દેશનું હબ બન્યો છે. કચ્છમાં પવન ઉર્જા અને સૌરઉર્જાના અનેક પ્રકલ્પો ધમધમી રહ્યા છે. ઘર વપરાશમાં પરંપરાગત ઉર્જાના સ્થાને ગ્રીન એનર્જીનો વપરાશ વધે તે માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં પીએમ સૂર્યઘર યોજના, સોલાર રૂફટોપ સહિતની યોજનાઓ કાર્યરત છે. આ યોજનાના અમલીકરણમાં ગુજરાત રાજ્ય સોલાર રૂફટોપ ક્ષેત્રે ભારતભરમાં મોખરાના સ્થાને છે. સોલાર રૂફટોપના કારણે ૫ હજાર મેગાવોટથી વધુની પ્રોડક્શન ક્ષમતા પ્રાપ્ત કરી ગ્રીન એનર્જી ક્ષેત્રે દેશના અન્ય પ્રદેશોને રાહ ચીંધી છે. કેન્દ્ર સરકારે સોલાર રૂફટોપ યોજના શહેરી વિસ્તારો ઉપરાંત ગ્રામીણ ક્ષેત્રમાં પણ લોકભોગ્ય બને તે માટે પ્રોત્સાહક મોડેલ સોલાર વિલેજ યોજના અમલમાં મૂકી છે.



કચ્છ - સૌરાષ્ટ્રમાં આ સ્પર્ધાના અમલીકરણની જવાબદારી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.ને સોંપાઈ છે. ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી ડિપાર્ટમેન્ટ દ્વારા પીએમ સૂર્યઘર યોજનાના ભાગરૂપે ૫૦૦૦ કે તેથી વધુ વસ્તી અને રેવન્યુ સરહદ ધરાવતા ગામડાઓમાં સૌરઉર્જાને વેગવંતી બનાવવા મોડેલ સોલાર વિલેજ સ્પર્ધા અમલી બનાવી છે. આ સ્પર્ધાનો પ્રારંભ ૧લી એપ્રિલથી થયો છે. આ સ્પર્ધા ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે. ૬ મહિના સુધી વધુને વધુ ગ્રામીણ લોકો સોલાર રૂફટોપ લગાવે તે દિશામાં પ્રચાર-પ્રસાર સહિતની પ્રવૃત્તિ હાથ ધરાશે. દરેક જિલ્લામા સૌથી વધુ રૂફટોપ લગાવી વધુમાં વધુ સૌરઉર્જા ઉત્પાદન કરનાર વિલેજને રૂા. ૧ કરોડનું ઈનામ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવશે.

પીજીવીસીએલ સર્કલમાં કચ્છ - સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાઓમાં ૨૨૪ ગામો વચ્ચે પ્રતિસ્પર્ધા યોજાશે, જેમાં કચ્છ જિલ્લામાં ૨૯ ગામો નોંધાયા છે. રાજકોટમાં ૨૭, અમરેલીમાં ૨૧, ભાવનગરમાં ૨૯, બોટાદમાં ૧૪, દેવભૂમિ દ્વારકામાં ૧૬, ગિર સોમનાથમાં ૩૩, જામનગરમાં ૧૩, જૂનાગઢમાં ૨૭, મોરબીમાં ૮, પોરબંદરમાં ૭ અને સુરેન્દ્રનગરમાં ૨૦ ગામો નોંધાયા છે.

આ ગામોમાં ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે, જેની આગેવાની ગ્રામ પંચાયત દ્વારા લેવામાં આવશે. જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને રચાયેલી કમિટી સ્પર્ધાનો સમયગાળો પૂર્ણ થયા બાદ વિજેતા ગામનું નામ જાહેર કરશે. દરેક જિલ્લામાં સૌથી વધુ રૂફટોપ લગાવી વધુમાં વધુ સૌરઉર્જા ઉત્પાદન કરશે તે વિલેજને રૂા.૧ કરોડનું ઈનામ કેન્દ્ર સરકાર દ્વારા અપાશે. પીજીવીસીએલની ટીમ દ્વારા આઉટરીચ પ્રોગ્રામ તેમજ ડોર ટુ ડોર પ્રચાર-પ્રસારની કામગીરી દ્વારા લોકજાગૃતિ ફેલાવવામાં આવશે. પીજીવીસીએલ ભુજના અધિક્ષક ઈજનેર શ્રી રાઠોડે જણાવ્યું હતું કે, ૬ માસ પૂર્ણ થયે જિલ્લામાં જે ગામે સૌથી વધુ સફળ કામગીરી કરી હશે તે વિલેજને સમિતિ દ્વારા મોડેલ વિલેજ તરીકે સિલેક્ટર કરવામાં આવશે. આ યોજના ગ્રામીણ ક્ષેત્રોમાં રૂફટોપ સોલારના માધ્યમથી ગ્રીન એનર્જી ઉત્પાદનમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

## કચ્છમાં ૨૪,૮૦૦ સોલાર રૂફટોપ લગાડવાનું લક્ષ્યાંક

ભુજ : પીજીવીસીએલના અધિક્ષક ઈજનેર ભરતભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં સૌરઉર્જા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. પીએમ સૂર્યઘર યોજના અને સોલાર રૂફટોપ યોજના અંતર્ગત કચ્છમાં ૫ હજારથી વધુ સોલાર પેનલ ઈન્સ્ટોલ કરાયા છે. પીજીવીસીએલ કચ્છને ત્રણ વર્ષમાં ૨૪,૮૦૦ સોલાર રૂફટોપ લગાડવાનું લક્ષ્યાંક અપાયું છે. ગત માર્ચ માસથી અત્યાર સુધી પ્રથમ વર્ષના ૬૮૦૦ના લક્ષ્યાંક સામે ૫ હજાર સોલાર રૂફટોપ લગાડી દેવાયા છે. આગામી બે વર્ષ દરમ્યાન પ્રતિ વર્ષ ૮ હજાર સોલાર રૂફટોપનું લક્ષ્યાંક છે. જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ સુધી કુલ્લ ૨૪,૮૦૦ સોલાર રૂફટોપ લગાડવાનું લક્ષ્ય રખાયું છે. કચ્છમાં સોલાર રૂફટોપ યોજનાનો પૂરતો પ્રચાર-પ્રસાર કરાયો છે અને લોકોમાં પણ સૌરઉર્જા પેનલ માટે ખાસ્સો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ જોતા કચ્છમાં નિર્ધારીત સમયાવધિ પૂર્વે જ લક્ષ્યાંક સિદ્ધ કરી શકાશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

### કચ્છના પ્રતિસ્પર્ધી ગામોની યાદી

ખેડોઈ, નાગલપર મોટી, વરસામેડી, ભીમાસર, રતનાલ, આધોઈ, લાકડિયા, તુણા, મીઠીરોહર, જુરીયા, નિરોણા, સુમરાસર (શેખ), ધ્રબાણા, કુકમા, દિનારા, કેરા, ગઢશીશા, બિદડા, ગુંદિયાળી, કોડાય, મસ્કા, ઝરપરા, મોટી ભુજપુર, નાના કપાયા, સમાઘોઘા, ટુંડા, કોઠારા, જખૌ, નલિયા.

## કોઠારી પરિવારનું ગૌરવ



ડો.હેમાંગી ભરતભાઈ કોઠારી
M.D. Paediatric

આપની મહેનત અને લગન રંગ લાવી,
કોઠારી પરિવાર માટે ગૌરવની ક્ષણ આવી..
સાથે મળીને જોયેલું સપનું થયું સાકાર..
હવે આપની કારકિર્દીને મળશે નવો આકાર..

GMC- સુરતમાંથી ઉતીર્ણ થઈ,
M.D. Paediatric ની ડીગ્રી મેળવીને
કોઠારી પરિવારનું ગૌરવ વધારવા બદલ
હર્ષની લાગણી અનુભવીએ છીએ..

અમારા જીવનમાં ખુશીઓની ભેટ
આપવા બદલ અંતરના આશીર્વાદ સહ
સોનેરી ભવિષ્યની શુભકામનાઓ...

:::: આપના પરિવારજનો ::::
સ્વ. કલાવંતીબેન હરિશ્ચંદ્ર કોઠારી (દાદી-દાદા)
અ.સૌ. હીનાબેન ભરતભાઈ કોઠારી (મમ્મી-પપ્પા)
કુ. સાક્ષી ભરતભાઈ કોઠારી (બહેન)
(MBBS અદાણી મેડીકલ કોલેજ, ભુજ)